MANOGAT • Year-40 • Issue-6 • 25 June 2021 • Jeth Vad 1, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत



## યોગ આપણને ચિંતાથી તાકાત તરફ નકારાત્મકતાથી સર્જનાત્મકતા તરફનો રસ્તો બતાવે છે

**ગુજરાત વિધાનસભા પક્ષની બેઠકમાં ઉપસ્થિત શ્રી સી. આર. પાટીલ, રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને પક્ષના તમામ ધારાસભ્યો માન. ભૂપેન્દ્રજી યાદવ અને માન. વી. સતીષજીની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકોની તસવીરો**



















Year : 40, Issue : 6, Pages : 28



## તંત્રીસ્થાનેથી

### ઓછા થઈ રહેલા કોરોનાના કેસો જેમ મનને રાહત આપી રહ્યા છે તેવી જ રીતે ધીમે-ધીમે વધી રહેલી પ્રવૃત્તિઓ સાવધાની પણ સૂચવી રહી છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ અનુભવી રહ્યા છીએ તેમ આપણા રાજ્ય અને દેશભરમાંથી કોરોનાના કેસો સતત ઘટતા જઈ રહ્યા છે. ઓછા થઈ રહેલા કોરોનાના કેસો જેમ મનને રાહત આપી રહ્યા છે તેવી જ રીતે ધીમે-ધીમે વધી રહેલી પ્રવૃત્તિઓ સાવધાની પણ સૂચવી રહી છે.

મારી દૃષ્ટિએ આ રોગને જેમ વિજ્ઞાન પણ પૂરો સમજી શક્યું નથી તેવી જ રીતે તેના ત્રીજા વેવ વિશે પણ સાચી જાણકારી કે સમયગાળા માટે કશુંય કહેવા કોઈપણ અસમર્થ હોય તેવું લાગે છે. આવા સંજોગોમાં આપણા સાહિત્યમાં કહેવાયેલું એ વાક્ય તદ્દન સાચું છે કે - 'ચેતતો નર સદા સુખી'.

તહેવારો આવી રહ્યા છે. સામાજિક પ્રસંગો પણ ઊજવવા માટે સ્વાભાવિકપણે ઉત્સાહ હોય જ, વળી રોજબરોજની ગતિવિધિઓ તો સૌ માટે અનિવાર્ય છે જ - આવા સમયે સાવચેતી જ સાચી દવા છે.

આપણા શરીરને તંદુરસ્ત રાખવાના મહત્તમ પ્રયાસો, યોગ-પ્રાણાયામ દ્વારા યોગ્ય કાળજી તથા માસ્ક, અંતર અને સફાઈના કારણે આ મહામારી પાર કરીએ તેવી સૌની ઇચ્છા હોય જ, પરંતુ આ ઇચ્છાપૂર્તિ માટે વાસ્તવમાં આ બધી જ બાબતોનું પાલન કરવું અતિ આવશ્યક છે.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કર્યું તેમ ૧૮ વર્ષ ઉપરના તમામ માટે મફત વેક્સિનેશન અને રાજ્ય સરકારના પ્રયાસોથી વોકઈન વેક્સિનેશનની મહત્તમ સફળતા માટે સમાજની કટિબદ્ધતા પણ એટલી જ જરૂરી છે.

મિત્રો - કોરોના વેવ વખતે આપણે જેટલા ચિંતાતુર હોઈએ છીએ એટલું ધ્યાન વેવ સિવાયના અત્યારના સમયમાં આપણે સામાન્યતઃ રાખતા હોતા નથી. મનની તંદુરસ્તી માટે સહજતા ચોક્કસ આવકાર્ય બાબત છે, પરંતુ શરીરની તંદુરસ્તી માટે સજાગતા પણ આ મહામારીના સમયમાં અનિવાર્ય બાબત છે.

કોઈએ બહુ સાચું કહ્યું છે કે આવા કપરા કાળમાં 'જાગતે રહો' એ રામબાણ ઇલાજ છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





# યોગથી સહયોગ સુધી

નમસ્કાર.

આપ સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

**યોગ આશાનું એક કિરણ બની રહ્યો છે**


આજે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે યોગ આશાનું એક કિરણ બની રહ્યો છે. બે વર્ષથી દુનિયાભરના દેશોમાં કોઈ મોટો કાર્યક્રમ આયોજિત થયો ન હોય તો પણ યોગ પ્રત્યેનો ઉત્સાહ સહેજ પણ ઓછો થયો નથી. કોરોના હોવા છતાં પણ આ વખતે યોગ દિવસના વિષય 'યોગ ફોર વેલનેસ'ને કારણે કરોડો લોકોના ઉત્સાહમાં અનેકગણો વધારો કર્યો છે. હું આજે યોગ દિવસે એવી આશા વ્યક્ત કરું છું કે દરેક દેશ, દરેક સમાજ અને દરેક વ્યક્તિ સ્વસ્થ રહે, બધા એકબીજાની સાથે રહીને પરસ્પરની તાકાત બને.

**સમત્વમ્ યોગ ઉચ્યતે**

સાથીઓ, આપણા ઋષિ-મુનિઓએ યોગના માટે 'સમત્વમ્ યોગ ઉચ્યતે'ની પરિભાષા આપી હતી. તેમણે એક રીતે કહીએ તો સુખ-દુઃખમાં સમાન રહેવાની બાબતને યોગનો માપદંડ બનાવ્યો હતો, જે આ વૈશ્વિક ત્રાસદી વચ્ચે યોગે સાબિત કરી બતાવ્યું છે. આ દોઢ વર્ષમાં ભારત સહિતના કેટલા બધા દેશોએ કોરોનાના આ મોટા સંકટનો સામનો કર્યો છે.

**વીતેલા દોઢ વર્ષમાં દુનિયાના ખૂણે ખૂણામાં લાખો નવા સાધક બન્યા**

સાથીઓ, દુનિયાના મોટા ભાગના દેશો માટે યોગ પર્વ તે તેમનું કોઈ સદીઓ જૂનું સાંસ્કૃતિક પર્વ નથી. આ કપરા સમયમાં આટલી મુસીબતમાં લોકોએ આસાનીથી યોગને ભૂલી શક્યા હોત, તેની ઉપેક્ષા કરી શકયા હોત પણ તેનાથી વિરુદ્ધ લોકોમાં યોગનો ઉત્સાહ વધુ વધ્યો છે, યોગથી પ્રેમ વધ્યો છે.



વીતેલા દોઢ વર્ષમાં દુનિયાના ખૂણે ખૂણામાં લાખો નવા સાધક બન્યા છે. યોગના પ્રથમ પર્યાય તરીકે સંયમ અને અનુશાસનને ગણવામાં આવે છે અને તે બધા તેમના જીવનમાં ઉતારવા પ્રયાસ કરી રહ્યા છે.

**યોગમાં લોકોનો ભરોંસો વધ્યો કે આપણે આ બીમારી સામે લડી શકીશું**

સાથીઓ, જ્યારે કોરોનાના અદૃશ્ય વાઈરસે દુનિયામાં ટકોરા માર્યા હતા ત્યારે કોઈપણ દેશ સાધનોથી, સામર્થ્યથી અને માનસિક અવસ્થાથી તેના માટે તૈયાર ન હતો. આપણે સૌએ જોયું છે કે આવા કઠિન સમયમાં યોગ આત્મબળનું એક મોટું માધ્યમ બન્યો. યોગમાં લોકોનો ભરોંસો વધ્યો કે આપણે આ બીમારી સામે લડી શકીશું.

**ડૉક્ટરોએ યોગ વડે જ પોતાને મજબૂત બનાવ્યા**

હું જ્યારે ફ્રન્ટલાઈન વૉરિયર્સ સાથે, ડૉક્ટરો સાથે વાત કરું છું ત્યારે તે મને જણાવે છે કે કોરોના વિરુદ્ધની લડાઈમાં તેમણે યોગને પણ પોતાનું સુરક્ષા કવચ બનાવ્યું છે. ડૉક્ટરોએ યોગ વડે જ પોતાને મજબૂત બનાવ્યા છે અને પોતાના દર્દીઓને જલદી સ્વસ્થ કરવામાં તેનો ઉપયોગ પણ કર્યો છે. આજે હોસ્પિટલોની એવી કેટલીક તસવીરો આવે છે કે જ્યાં ડૉક્ટરો, નર્સો અને દર્દીઓ યોગ શીખી રહ્યાં છે, તો ક્યાંક દર્દીઓ પોતાના અનુભવ જણાવી રહ્યા છે. પ્રાણાયામ, અનુલોમ- વિલોમ જેવી શ્વાસોશ્વાસની કસરતથી આપણા શ્વસનતંત્રને કેટલી તાકાત મળે છે તે પણ દુનિયાના નિષ્ણાતો ખુદ બતાવી રહ્યા છે.

સાથીઓ, મહાન તમિલ સંત શ્રી થિરૂવલ્લુવર જણાવે છે કે -

'નોઈ નાડી, નોઈ મુદલ નાડી, હદુ તનિક્કુમ, વાય નાડી વાયપચ્ચલ'

આનો અર્થ એ થાય છે કે જો કોઈ બીમારી હોય તો તેનું નિદાન કરો, તેના મૂળ સુધી જાવ, બીમારીનું કારણ શું છે તેની તપાસ કરો અને પછી તેનો નિશ્ચિત ઈલાજ કરો. યોગ આ રસ્તો બતાવે છે. આજે તબીબી વિજ્ઞાન પણ ઉપચારની સાથે સાથે સાજા થવા બાબતે પણ એટલો જ ભાર મૂકી રહ્યો છે અને યોગ સાજા થવાની પ્રક્રિયામાં ફાયદાકારક છે. મને સંતોષ છે કે આજે યોગના આ પાસાં અંગે સમગ્ર દુનિયાના નિષ્ણાતો અનેક પ્રકારે વૈજ્ઞાનિક સંશોધન કરી રહ્યા અને તેની પર કામ કરી રહ્યા છે.

**યોગ આપણને નિરાશામાંથી ઉમંગ અને આળસમાંથી પ્રસન્નતા તરફ લઈ જાય છે**

કોરોનાકાળમાં યોગથી આપણા શરીરને થનારા ફાયદા અંગે, આપણી રોગ-પ્રતિકારક શક્તિ પર થતી અસરો અંગે ઘણા અભ્યાસ થઈ રહ્યા છે. આજ-કાલ આપણે જોઈ રહ્યા છીએ કે અનેક સ્કૂલોમાં ઓનલાઈન વર્ગો શરૂ થવાના પ્રારંભમાં ૧૦થી ૧૫ મિનિટ બાળકોને યોગ-પ્રાણાયામ કરાવવામાં આવે છે. તે કોરોના સામેની લડતમાં પણ બાળકોને સારી રીતે સજ્જ કરે છે.

સાથીઓ, ભારતના ઋષિઓએ આપણને શીખવ્યું છે કે –

વ્યાયામાત્ લભતે સ્વાસ્થ્યમ્,
દીર્ઘ આયુષ્યમ્ બલમ્ સુખમ્.
આરોગ્યમ્ પરમમ્ ભાગ્યમ્,
સ્વાસ્થ્યમ્ સર્વાર્થ સાધનમ્.

આનો અર્થ એ થાય છે કે યોગ-વ્યાયામથી આપણને સારું આરોગ્ય પ્રાપ્ત થાય છે, સામર્થ્ય મળે છે અને લાંબુ અને સુખી જીવન પ્રાપ્ત થાય છે. આપણા માટે આરોગ્ય જ સૌથી મોટું સૌભાગ્ય છે અને સારું આરોગ્ય જ તમામ સફળતાઓનું માધ્યમ છે. ભારતના ઋષિઓએ ભારતને જ્યારે આરોગ્ય અંગે વાત કરી છે ત્યારે તેનો અર્થ માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ હોતો નથી. એટલા માટે યોગમાં શારીરિક આરોગ્યની સાથે સાથે માનસિક આરોગ્ય ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવે છે. જ્યારે જ્યારે આપણે પ્રાણાયામ કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ કે અન્ય યૌગિક ક્રિયાઓ કરીએ છીએ ત્યારે આપણે પોતાની આંતરિક ચેતનાનો અનુભવ કરીએ છીએ. યોગમાં આપણને એ અનુભવ થાય છે કે આપણી વિચારશક્તિ, આપણું આંતરિક સામર્થ્ય એટલું બધું છે કે દુનિયાની કોઈપણ મુસીબત, કોઈપણ નકારાત્મકતા આપણને તોડી શકતી નથી. યોગ આપણને ચિંતાથી તાકાત તરફ અને નકારાત્મકતાથી સર્જનાત્મકતા તરફનો રસ્તો બતાવે છે. યોગ



આપણને નિરાશામાંથી ઉમંગ અને આળસમાંથી પ્રસન્નતા તરફ લઈ જાય છે.

**પૃથ્વી પર યોગ સૌથી મોટો ઊર્જાનો સ્રોત છે**

મિત્રો, યોગ આપણને જણાવે છે કે અનેક સમસ્યાઓ હોઈ શકે છે, પણ આપણી અંદર જ અનેક ઉપાયો પડેલા છે. પૃથ્વી પર યોગ સૌથી મોટો ઊર્જાનો સ્રોત છે. આપણને આ ઊર્જા અંગે ખ્યાલ હોતો નથી, કારણ કે અનેક મતમતાંતર હોય છે. કોઈ વખત લોકોનું જીવન ટુકડાઓમાં વહેંચાયેલું હોય છે. આવા મતમતાંતર એકંદર વ્યક્તિત્વમાં પ્રતિબિંબિત થતા હોય છે. ટુકડાઓ તરફથી એકત્વ તરફની ગતિ એ યોગ છે અને તે અનુભવે પુરવાર થયેલી બાબત છે. યોગ આપણને એકત્વનો ખ્યાલ આપે છે. મને અત્યારે મહાન ગુરૂદેવ ટાગોરની યાદ આવે છે. તેમણે નીચે મુજબ જણાવ્યું હતું :

'સ્વયમ્‌નો અર્થ પ્રભુ કે અન્યથી અલગતામાં મળતો નથી, પણ યોગની અથવા એકત્વની અનંતતાના ખ્યાલમાંથી મળે છે.'

વસુધૈવ કુટુમ્બકમ્‌નો મંત્ર ભારત યુગોથી અપનાવી રહ્યું છે, તેને હવે વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. જ્યારે માનવજાત સામે જોખમ હોય છે ત્યારે આપણે એકબીજાના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ છીએ.

યોગ આપણને અનેક વખત સમગ્રલક્ષી આરોગ્યનો માર્ગ બતાવે છે. યોગ આપણને જીવન અંગેનો બહેતર માર્ગ દર્શાવે છે. યોગ સુરક્ષાત્મક ભૂમિકા બજાવવાનું ચાલુ રાખવાની સાથે સાથે જનસમુદાયના આરોગ્ય માટે હકારાત્મક ભૂમિકા બજાવે છે.

**વિશ્વને એમ-યોગ (M-Yoga) એપની શક્તિ મળવાની છે**

સાથીઓ, જ્યારે ભારતે યુનાઇટેડ નેશન્સમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટેની દરખાસ્ત કરી હતી ત્યારે એ પાછળની ભાવના એ હતી કે યોગ વિજ્ઞાન સમગ્ર દુનિયાને સુલભ થાય. આજે એ દિશામાં ભારતે યુનાઈટેડ નેશન્સ, વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે મળીને વધુ એક મહત્ત્વનું કદમ ઉઠાવ્યું છે.

હવે વિશ્વને એમ-યોગ (M-Yoga) એપની શક્તિ મળવાની છે. આ એપમાં કોમન યોગ પ્રોટોકોલના આધારે યોગ તાલીમના અનેક વિડિયોઝ દુનિયાની અલગ અલગ ભાષાઓમાં ઉપલબ્ધ થવાના છે. તે આધુનિક ટેકનોલોજી અને પ્રાચીન વિજ્ઞાનના સંયોજનનું એક બહેતર ઉદાહરણ છે. મને પૂરો વિશ્વાસ છે કે M-Yoga એપ દુનિયાભરમાં યોગનું વિસ્તરણ કરવામાં અને વન વર્લ્ડ, વન હેલ્થના પ્રયાસોને સફળ બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે.

**યોગથી સહયોગ સુધી**

સાથીઓ,

ગીતામાં કહેવામાં આવ્યું છે કે-

તં વિદ્યાદ્ દુઃખ સંયોગ-


વિયોગં યોગ સંજ્ઞિતમ્.

આનો અર્થ એ થાય છે કે દુઃખોથી વિયોગને, મુક્તિને જ યોગ કહેવામાં આવે છે. સૌને સાથે લઈને ચાલનારી માનવજાતની આ યોગની યાત્રા આપણે સતત આગળ ધપાવવાની છે. ભલેને કોઈ પણ સ્થળ હોય, કોઈ પણ પરિસ્થિતિ હોય, કોઈ પણ ઉંમર હોય, દરેક માટે યોગ પાસે કોઈ ને કોઈ ઉપાય ચોક્કસ છે. આજે વિશ્વમાં યોગ અંગે કુતૂહલ ધરાવનાર લોકોની સંખ્યા સતત વધી રહી છે. દેશ-વિદેશમાં યોગ અંગેની સંસ્થાઓમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં યોગનું જે મૂળભૂત તત્ત્વજ્ઞાન છે, મૂળભૂત સિદ્ધાંતો છે તેને જાળવી રાખીને યોગ જન જન સુધી પહોંચે, અવિરત પહોંચે અને નિરંતર પહોંચતો રહે તેવી કામગીરી આવશ્યક બની રહે છે અને એ કાર્ય યોગ સાથે જોડાયેલા લોકોએ, યોગના આચાર્યોએ, યોગના પ્રચારકોએ સાથે મળીને કરવું જોઈએ. આપણે જાતે પણ યોગનો સંકલ્પ લેવાનો છે અને પોતાના લોકોને પણ આ સંકલ્પ સાથે જોડવાના છે. 'યોગથી સહયોગ સુધી'નો મંત્ર આપણને એક નવા ભવિષ્યનો માર્ગ દેખાડશે. માનવજાતને સશક્ત બનાવશે.

આવી શુભેચ્છા સાથે આંતરરાષ્ટ્રીય યોગદિવસ પ્રસંગે સમગ્ર માનવજાતને, આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ખૂબ ખૂબ આભાર.

●






# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારે ૨૧ જૂનથી ૧૮ વર્ષથી ઉપરની વયના તમામ લોકો માટે નિઃશુલ્ક રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે - શ્રી અમિતભાઈ શાહ

**સૌરઊર્જા અને પવનઊર્જા ક્ષેત્રે ભારતે હરણફાળ ભરી છે**

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વૃક્ષારોપણના કાર્યક્રમો નાના હોય છે પરંતુ તેનાં પરિમાણો અને પરિણામો વ્યાપક હોય છે. આવા વૃક્ષારોપણના કાર્યક્રમો થકી જ આપણે આવતી પેઢીનું ભવિષ્ય સુરક્ષિત કરી શકીશું. આપણે વૃક્ષોનું જતન નહીં કરીએ તો સમગ્ર સૃષ્ટિનું અસ્તિત્વ ખતમ થઈ જશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ ઈકોસિસ્ટમના સંવર્ધન અને પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિના પ્રયત્નો હાથ ધર્યા હતા. સૌરઊર્જા અને પવનઊર્જા ક્ષેત્રે ભારતે હરણફાળ ભરી છે. કેન્દ્રની ભાજપા સરકારના સઘન અને સાતત્યપૂર્ણ પ્રયાસો થકી બિનપરંપરાગત ઊર્જાના સ્રોતો ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ભારત પાંચમો નંબર ધરાવે છે. તેઓએ જણાવ્યું હતું કે પેરિસ સમજૂતી બેઠકમાં જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કેન્દ્ર સ્થાને હોય તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

**૧૪ કરોડ લોકોને ઉજ્જ્વલા યોજના મારફત ગેસ સિલિન્ડર ઉપલબ્ધ**

શ્રી અમિતભાઈ શાહે કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કાર્યરત ઉજ્જ્વલા યોજનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ચૂલામાં લાકડાં બળવાના કારણે ઉત્પન્ન થતા ધુમાડાથી દેશની અનેક મહિલાઓનું સ્વાસ્થ્ય જોખમાતું હતું, સાથે સાથે પર્યાવરણ માટે પણ તે નુકસાનદાયક હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પશક્તિના કારણે ૧૪ કરોડ લોકોને ઉજ્જ્વલા યોજના મારફત ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવીને મહિલાઓના સ્વાસ્થ્યની સંભાળ અને પર્યાવરણના જતન માટેના પ્રયાસોમાં આપણે સફળ રહ્યા છીએ. તેઓએ કહ્યું હતું કે પરંપરાગત પદ્ધતિથી વીજ ઉત્પાદનમાં પણ પર્યાવરણને નુકસાન થાય છે. આ માટે શક્ય તેટલી વીજળીની બચત થાય તે હેતુસર અબજોની સંખ્યામાં મામૂલી રકમથી એલઈડી બલ્બ વિતરણ મારફત કેન્દ્રની ભાજપ સરકારે પર્યાવરણ સંરક્ષણ માટે ઘનિષ્ઠ પ્રયાસો કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે માનવજીવન અને સૃષ્ટિ એકમેકના પર્યાય એ આપણી પ્રાચીન સંસ્કૃતિ રહી છે. પર્યાવરણની રક્ષા કરવી એ આપણા ધર્મ અને સંસ્કૃતિમાં સ્થાપિત થયેલું છે. જ્યારે કોઈપણ સંદેશ કર્તૃત્વ અને સંનિષ્ઠ પ્રયાસોથી પહોંચે તો તેનું આયુષ્ય ચિરંજીવી હોય છે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની નીતિઓ, પ્રયત્નો અને અભિગમથી સમગ્ર વિશ્વમાં પર્યાવરણ



ક્ષેત્રે જાગૃતિ લાવવા કરેલા પ્રયાસો તેનું ઉત્તમ ઉદાહરણ છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણએ પણ કહ્યું હતું કે વૃક્ષોમાં હું પીપળો છું, પીપળાના ઝાડમાં ભગવાન શ્રી વિષ્ણુનો વાસ હોવાનો પણ મહિમા રહેલો છે. તેનું કારણ એ છે કે બધાં વૃક્ષોમાં સૌથી લાંબુ આયુષ્ય ધરાવતું તે વૃક્ષ છે, જે સૌથી વધુ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને સૌથી વધુ પ્રાણવાયુ પણ પીપળો જ આપે છે.

**૫૦૦૦ જેટલાં વૃક્ષો ધરાશાયી થયાં તેની સામે પાંચ લાખ જેટલાં વધુ વૃક્ષોનો લક્ષ્યાંક રાખ્યો તે પ્રશંસનીય છે**

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં ૧૦ વર્ષોમાં વૃક્ષારોપણ અભિયાન થકી ગ્રીન કવર બમણું કર્યું છે તે ખૂબ જ આનંદની વાત છે. અમદાવાદ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ગ્રીન કવરયુક્ત શહેર બને તે લક્ષ્ય સાથે આપણે સૌ આગળ વધીએ તે અત્યંત આવશ્યક છે. શ્રી શાહે કહ્યું હતું કે ગંદકી અને કચરાના ઢગલાથી ભરેલાં મેદાનોમાં ઈકો પાર્ક બને તથા નાગરિકો અને સંસ્થાઓ સુધી માત્ર ફોન દ્વારા વૃક્ષો પહોંચાડવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને લીધેલી આગેવાની માટે હું સમગ્ર કોર્પોરેશનની ટીમને અને હોદ્દેદારોને સાધુવાદ અને અભિનંદન પાઠવું છું.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે આપણે હંમેશા પર્યાવરણના થયેલા નુકસાનની ભરપાઈ બમણી કરવાનો અભિગમ જ રાખવો જોઈએ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૫ લાખ વૃક્ષોના વાવેતરનું મિશન રાખ્યું છે. તાજેતરમાં આવેલા વાવાઝોડાના કારણે ૫૦૦૦ જેટલાં વૃક્ષો ધરાશાયી થયાં તેની સામે પાંચ લાખ જેટલાં વધુ વૃક્ષોનો લક્ષ્યાંક રાખ્યો તે પ્રશંસનીય છે.


શ્રી અમિતભાઈ શાહે નગરજનોને પણ આગ્રહ કરતાં કહ્યું હતું કે ટૂંકું અને લાંબુ આયુષ્ય ધરાવતા વૃક્ષોના ઉછેરમાં એકસરખી જ મહેનત લાગતી હોય છે માટે ત્રણ-ચાર પેઢી સુધી પ્રાણવાયુ આપે એવાં વૃક્ષોનું વાવેતર કરો, તેનું જતન કરો અને તેને ઉછેરીને મોટાં કરો કે જે વૃક્ષો આપણી ત્રીજી પેઢીને પણ વારસામાં મળે. લાંબું આયુષ્ય ધરાવતાં વૃક્ષોની નર્સરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને બનાવી છે તેનો લાભ લેવા હું સૌને અનુરોધ કરું છું.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે વૃક્ષો માત્ર પ્રાણવાયુ જ આપે છે તેવું નથી. સમગ્ર સૃષ્ટિના સમતોલનનો આધાર વૃક્ષો પર રહેલો છે. સૂર્યનાં કિરણોની તીવ્રતા ઘટાડવાનું કાર્ય ઓઝોન સ્તર




કરતું હોય છે. આપણા રોજિંદા જીવનમાં કાર્બન ડાયોક્સાઇડના વધુ ઉત્સર્જનના કારણે ઓઝોનનું સ્તર પણ ક્ષીણ પડતું જાય છે, જેના પરિણામે પૃથ્વી પર સજીવ જીવન જોખમાઈ શકે છે. પક્ષીઓ સમગ્ર ઈકો સિસ્ટમની એક અગત્યની કડી છે. આ પક્ષીઓનો આશરો અને રહેઠાણ પણ વૃક્ષો થકી જ સંભવે છે. ઘણાં બધાં વૃક્ષો ઔષધીય ગુણો પણ ધરાવતાં હોય છે જે સમગ્ર માનવજીવન માટે ઉપયોગી બને છે. આથી સમગ્ર માનવજીવન અને પર્યાવરણને બચાવવાની આપણી નૈતિક જવાબદારી બને છે.

તેમણે પર્યાવરણવિદો, ભાજપા કાર્યકર્તાઓ અને નાગરિકોને અપીલ કરતાં કહ્યું હતું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ૧૧ લાખથી વધુ વૃક્ષોના ઉછેરનો લક્ષ્યાંક છે. આ લક્ષ્યાંકની પૂર્તિ માટે વિચારણાપૂર્વક અને આયોજનબદ્ધ રીતે આગળ વધવું આવશ્યક છે. આપણે સૌ આપણી આજુબાજુ વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને તેના જતન અને ઉછેરની વ્યવસ્થા કરીએ. આ માટે સોસાયટીમાં કોઈ પાંચ લોકોને જવાબદારી આપી



આપણે સૌ સમગ્ર માનવજીવન માટે કલ્યાણકારી અભિયાન માટે ચાલકબળ બનીએ. જે વર્તમાન સમયની જરૂરિયાત અને માંગ પણ છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે ઉપનિષદોમાં પણ પુત્રો કરતાં વૃક્ષોનું મહત્ત્વ વધુ ગણાવવામાં આવ્યું છે. પ્રકૃતિનું દોહન થઈ શકે પરંતુ શોષણ કદી ના થાય. પ્રકૃતિ છે તો માનવજીવન છે. તેમણે કહ્યું હતું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ભાજપાના તમામ કાર્યકર્તાઓ, પર્યાવરણ પ્રેમીઓ અને પ્રત્યેક નાગરિકો વૃક્ષારોપણ માટેના સ્ટેક હોલ્ડર બને તો આપણે પર્યાવરણના રક્ષણ માટેના આ અભિયાનમાં ચોક્કસપણે સફળતા મેળવી શકીશું.

**પ્રથમ દિવસે જ દેશમાં ૮૦ લાખ લોકોને રસી આપીને વૈશ્વિક કક્ષાએ રેકોર્ડ કામગીરી થઈ**

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન અને વિપદાઓનો સામનો રાજ્યો અને સમગ્ર દેશે કર્યો છે. અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, જેની ખોટ કદી ભરપાઈ થઈ શકે તેમ નથી. આ વેદનાને વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. તેઓએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારે ૨૧ જૂનથી ૧૮ વર્ષથી ઉપરની વયના તમામ લોકો માટે નિઃશુલ્ક રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે. ગુજરાતમાં પાંચ હજારથી વધુ રસીકરણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યાં છે અને પ્રથમ દિવસે જ દેશમાં ૮૦ લાખ લોકોને રસી આપીને વૈશ્વિક કક્ષાએ રેકોર્ડ કામગીરી થઈ છે.

**પ્રશાસન કોરોના સામેની લડાઈ માટેની તૈયારીઓ કરે છે, પરંતુ પ્રત્યેક કાર્યકર્તા, સમાજસેવકો અને નાગરિકો પણ આ તૈયારીમાં રસીકરણ ઝુંબેશને ઝડપી અને વ્યાપક બનાવવા સહભાગી બને તે અત્યંત આવશ્યક છે**

આપણે કોરોનાનો મક્કમતાપૂર્વક સામનો કરી શકીએ તે માટે આપણી આજુબાજુ એક પણ વ્યક્તિ રસી લીધા વિના બાકી ન રહે તેવા પ્રયાસો કરીએ. સૌ સંકલ્પ કરીએ અને રસીકરણ કાર્યક્રમને જન-જન સુધી પહોંચાડીએ, સમાજનો પ્રત્યેક વ્યક્તિ આ ઝુંબેશમાં વાહક બને તો કોરોના સામેની આપણી લડાઈમાં આપણે ચોક્કસપણે સફળ થઈ શકીશું. તેઓએ કહ્યું હતું કે 'સેવા પરમો ધર્મઃ'ના ધ્યેયમંત્ર સાથે ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાઓ જાહેર જીવનમાં કાર્યરત હોય છે. પ્રશાસન કોરોના સામેની લડાઈ માટેની તૈયારીઓ કરે છે, પરંતુ પ્રત્યેક કાર્યકર્તા, સમાજસેવકો અને નાગરિકો પણ આ તૈયારીમાં રસીકરણ ઝુંબેશને ઝડપી અને વ્યાપક બનાવવા સહભાગી બને તે અત્યંત આવશ્યક છે.

**તમામ ગરીબો અને વંચિતો તેમના હકથી વંચિત ન રહે તે માટે વાહક બનીએ**

શ્રી અમિતભાઈ શાહે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોઈ ભૂખ્યું ન સૂવે તે અભિગમથી દેશના ૮૦ કરોડ ગરીબી રેખાથી નીચે જીવતા લોકોને નિઃશુલ્ક અનાજ આવતી દિવાળી સુધી આપવાનો નિર્ધાર કરેલો છે. આ ૮૦ કરોડ લોકોને ગત વર્ષે પણ કોરોના મહામારી દરમ્યાન આ નિઃશુલ્ક અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. આ માટે સસ્તા અનાજની દુકાનોથી લાભાર્થીઓની સૂચિ મેળવી તેનો સંપર્ક કરીએ. આ યોજના અંતર્ગત લાભાર્થી એવા તમામ ગરીબો અને વંચિતો તેમના હકથી વંચિત ન રહે તે માટે વાહક બનીએ, તેની મદદ કરીએ અને આપણે સૌ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ સ્તુત્ય પ્રયાસ માટે ઉદ્દીપક બનીએ. શ્રી શાહે સૌ કાર્યકર્તાઓને આહ્‌વાન કરતાં કહ્યું હતું કે આ લાભ મેળવવાનો જેનો અધિકાર છે તે સૌને જાગૃત કરીએ. આ લોકકલ્યાણકારી મુહિમના વાહક બનીએ. સામાજિક અને રાજનૈતિક કાર્યકર્તા તરીકે આ આપણું દાયિત્વ પણ છે અને નૈતિક ફરજ પણ.

અંતમાં શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના કોઈપણ નાગરિકને રસીકરણ અંગે, નિઃશુલ્ક અનાજ મેળવવા બાબતે કોઈ સમસ્યા કે મુશ્કેલી હોય તો તે માટે હેલ્પલાઇન નંબર ૭૩૨૪૮ ૭૩૨૪૮ જાહેર કર્યો હતો. આ ઉપરાંત લોકસભા ક્ષેત્રમાં રસીકરણ ઝુંબેશને વેગવંતી બનાવવા કોલ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવ્યું છે. રસીકરણ ડોઝ માટે નાગરિકોને જાગૃત અને અવગત કરાવાશે. તેઓએ કહ્યું હતું કે રસીકરણ, વૃક્ષારોપણ, અને ગરીબોને નિઃશુલ્ક અનાજ માટેના અભિયાનને આગળ ધપાવીએ અને કોરોના મુક્ત રાજ્ય અને દેશ બને તે દિશામાં એકનિષ્ઠ પ્રયાસો કરીએ.

●





**કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર અંદાજે રૂા. ૮૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા ત્રણ ઓવરબ્રિજ ૧. વૈષ્ણોદેવી ફ્લાયઓવર બ્રિજ, ૨. ખોડિયાર કન્ટેનર યાર્ડ ફ્લાયઓવર બ્રિજ અને ૩. કલોલના છત્રાલ-પાનસર રોડ ખાતે રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મેયર શ્રી કિરીટ પરમાર, સાંસદશ્રી નરહરિ અમીન સહિત ધારાસભ્યશ્રીઓ, SGVPના સંતશ્રીઓ સહિત હોદ્દેદારો, મહાનુભાવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**









# 'ભારત, ભારતીય અને ભારતીયતા'ની રાજકીય અને સામાજિક વિચારધારાને પ્રોત્સાહિત અને સ્થાપિત કરવામાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની મુખ્ય ભૂમિકા હતી - શ્રી જયપ્રકાશ નડ્ડાજી

આઝાદી પછી જો રાષ્ટ્રવાદના વિચારને પ્રોત્સાહન આપનાર, રાષ્ટ્રીય એકતા માટે દૃઢ રહેનારા, દેશમાં મજબૂત રાજકીય વિકલ્પનું બીજ વાવનાર જો એક નામ ધ્યાનમાં આવે તો તે શ્યામાપ્રસાદ મુખરજી સિવાય બીજા કોઈનું ન હોઈ શકે. ડૉ. મુખરજી આઝાદી પછી લાંબા સમય સુધી ટકી શક્યા ન હતા, પણ તેમની વિચારધારા અને તેમના સંઘર્ષોએ ભારતીય રાજકીય ગૌરવ પર અપ્રતિમ છાપ છોડી છે. - ડૉ. મુખરજીએ જમ્મુ-કાશ્મીરની સમસ્યાને સાચી રીતે સમજી હતી અને તેના સંપૂર્ણ નિરાકરણની માગણી સાથે અવાજ ઉઠાવ્યો હતો. બંગાળનું વિભાજન કરવામાં આવી રહ્યું હતું ત્યારે ભારતનાં હક્કો અને હિતો માટે પણ તેઓ સફળતાપૂર્વક લડ્યા હતા. ડૉ. મુખરજીએ આઝાદી પછીના યુગમાં કોંગ્રેસ દ્વારા ભારતીયો પર વિદેશી વિચારધારાઓ અને સિદ્ધાંતો લાદવાનો વિરોધ કરવામાં મહત્ત્વપૂર્ણ અને અગ્રણી ભૂમિકા ભજવી હતી. દરેક ભારતીય માટે સૌથી સાતત્યપૂર્ણ જીવનશૈલી તરીકે 'ભારત, ભારતીય અને ભારતીયતા'ની રાજકીય અને સામાજિક વિચારધારાને પ્રોત્સાહિત અને સ્થાપિત કરવામાં તેમની મુખ્ય ભૂમિકા હતી.

સ્વતંત્રતા પછી નહેરુ સરકારમાં, ડૉ. મુખરજી ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા પ્રધાન હતા. સરકારમાં જોડાયા છતાં પણ તેમણે કોંગ્રેસ દ્વારા નહેરુ-લિયાકત સંધિમાં હિન્દુઓનાં હિતોની સંપૂર્ણ અવગણના કરવા બદલ રાજીનામું આપ્યું હતું, જે તેમની વૈચારિક ચેતનાનું ઝળહળતું ઉદાહરણ છે. ડૉ. મુખરજીએ તેમની વૈચારિક પ્રતિબદ્ધતાઓ સાથે ક્યારેય સમાધાન કર્યું ન હતું. નહેરુ કેબિનેટમાંથી રાજીનામું આપવું એ દેશમાં ઉદ્ભવનાર રાજકીય પરિવર્તનનું કારણ હતું.

એક જાણીતું તથ્ય એ છે કે રાજકીય નેતાઓ અને વિવિધ વિચારધારામાં માનનારા લોકો ભારતની સ્વતંત્રતા માટે લડવા કોંગ્રેસના પ્રભાવ હેઠળ આવ્યા હતા. પરંતુ આઝાદી પછી કોંગ્રેસનો વિકલ્પ શોધવાની ચર્ચા શરૂ થઈ, જે રાજકીય શૂન્યાવકાશ ભરી શકે. દેશ આતુરતાપૂર્વક એક નવી રાજકીય વિચારધારાની શોધમાં હતો, જે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ દ્વારા રાષ્ટ્રીય એકતા અને તુષ્ટીકરણના રાજકારણનો પણ સામનો કરી શકે. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી જ દેશમાં આ ચર્ચાના મશાલચી તરીકે ઊભરી આવ્યા હતા. આખરે તેમણે પોતાના સહાયક યુવાનોના પ્રયત્નો થકી ૨૧ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ જનસંઘની રચના કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ એક નવા રાજકીય પક્ષનાં બીજ વાવવામાં આવ્યાં, જેમાં રાષ્ટ્રવાદ અને ભારતીયતાના ગુણો હતા. છેલ્લા ઘણા દાયકાઓમાં આપણે ઘણા મહત્ત્વપૂર્ણ લક્ષ્યો પાર કરી ચૂક્યા છીએ, ઘણી લડાઈ લડ્યા છીએ, જેને પરિણામે આપણે આજે



અહીં સુધી પહોંચી શક્યા છીએ.

૧૯૫૧-૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં જનસંઘ ત્રણ બેઠકો જીતવામાં સફળ રહ્યો. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી, કોલકાતાની બેઠક જીતી સંસદ સુધી પહોંચ્યા હતા. તેમના વિચારોની સ્પષ્ટતા, તેમની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તેમની દૂરંદેશી દૃષ્ટિથી સમર્થિત, વિરોધી પક્ષોએ તેમને લોકસભામાં વિપક્ષી નેતા તરીકે નિયુક્ત કર્યા હતા. લોકોની સમસ્યાઓની વાત કરીને તેઓ વિપક્ષના સૌથી શક્તિશાળી અવાજ તરીકે ઊભરી આવ્યા હતા..

ડૉ. મુખરજી હંમેશા જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ લાગુ કરવાના વિરોધમાં હતા. તેઓ હંમેશા માનતા હતા કે કલમ ૩૭૦, ભારતની અખંડિતતા અને સાર્વભૌમત્વમાં અવરોધરૂપ બનશે. આ માટે તેમણે અનેક પ્રસંગાએ સંસદમાં પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. ૨૬ જૂન, ૧૯૫૨ ના રોજ જમ્મુ-કાશ્મીર પરની ચર્ચામાં ભાગ લેતાં ડૉ. મુખરજીએ કહ્યું હતું કે લોકશાહી અને સંઘીય ભારતમાં એક રાજ્યના નાગરિકોના અધિકારો અને વિશેષાધિકારો અન્ય રાજ્ય કરતાં અલગ કેવી રીતે હોઈ શકે? આ ભારતની અખંડિતતા અને એકતા માટે નુકસાનકારક છે. તેમણે જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ માટેની પરવાનગી સિસ્ટમનો પણ વિરોધ કર્યો હતો.

ડૉ. મુખરજીની જમ્મુમાં પ્રવેશ કરતી વખતે ધરપકડ કરવામાં આવી હતી, જેને પગલે ભારતભરમાં ભારે વિરોધ થયો હતો. તેમની ધરપકડના ૪૦ દિવસ પછી ૨૩ જૂન, ૧૯૫૩ના રોજ ભારત માતાના આ સપૂતનું જમ્મુની સરકારી હોસ્પિટલમાં રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું. તેમની શહાદતથી અનેક અનુત્તરિત સવાલો ઊભા થયા, પરંતુ તત્કાલીન નેહરુ સરકારે આ બધા તરફ ધ્યાન આપ્યું નહીં. ડૉ. મુખરજીની માતા યોગમાયા દેવીએ પંડિત જવાહરલાલ નહેરુને પત્ર લખીને તેમના પુત્રના રહસ્યમય મોતની તપાસ કરવા માટે વિનંતી કરી પરંતુ આ વિનંતી પણ નકારી કાઢવામાં આવી હતી. આજ દિન સુધી ડૉ. મુખરજીની ધરપકડ અને મૃત્યુને લગતાં તમામ રહસ્યો વણઉકલ્યાં છે.


ડૉ. મુખરજી કહેતા — 'એક દેશ મેં દો વિધાન, દો પ્રધાન ઔર દો નિશાન નહીં ચલેંગે' (ભારતમાં બે બંધારણ, બે વડા પ્રધાન અને બે રાષ્ટ્રચિહ્નો હોઈ શકે નહીં). આ સૂત્ર પ્રથમ જનસંઘ માટે અને પછીથી ભારતીય જનતા પાર્ટી માટે માર્ગદર્શક સિદ્ધાંત બન્યું. ભારતના લોકોના મનમાં ઘણા દાયકાઓથી સવાલ હતો કે, શું ડૉ. મુખરજીનું આ સપનું — 'એક દેશ મેં દો વિધાન, દો પ્રધાન ઔર દો નિશાન નહીં ચલેંગે' - પૂર્ણ થશે?

આ એક વૈચારિક યુદ્ધ હતું. એક તરફ કોંગ્રેસ સહિતના પક્ષો હતા, જે હંમેશાં તુષ્ટીકરણનું રાજકારણ કરતા હતા, જ્યારે બીજી બાજુ ભાજપ પક્ષ હતો કે જે કલમ ૩૭૦ નાબૂદ કરવા માટે હંમેશાથી કટિબદ્ધ હતો. જનસંઘનો યુગ હોય કે ભાજપનો યુગ, અમારી વિચારધારા કે જે સંયુક્ત અને મજબૂત ભારત જોવાની છે, તે પ્રતિબદ્ધતામાં જરાક પણ પરિવર્તન આવ્યું નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મજબૂત ઈચ્છા અને . નિષ્ઠા અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની કાર્યક્ષમ વ્યૂહરચના અને આયોજન જ હતું કે ભારત ઓગસ્ટ ૨૦૧૯માં કલમ-૩૭૦ કાયમ માટે દૂર કરવામાં સફળ રહ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીનું સ્વપ્ન 'એક વિધાન, એક પ્રધાન અને એક નિશાન' પૂર્ણ કર્યું.

ડૉ. મુખરજીના સર્વોચ્ચ બલિદાનને વેડફી ના કાઢતાં આપણે કલમ ૩૦ ૨૬ કરી જમ્મુ-કાશ્મીરને તેના સાચા અર્થમાં ભારત સાથે એકીકૃત કરીને ભારતને એક મજબૂત અને સંયુક્ત રાષ્ટ્ર તરીકે જોવાના તેમના સપનાને સાકાર કરવામાં સફળ થયા છીએ. ડૉ. મુખરજીને હંમેશાં 'ભારત માતા'ના એક સપૂત તરીકે યાદ કરવામાં આવશે, જેમણે એક રાજકીય વિચારધારાની રચના કરી, જે તેની . વિચારધારા પ્રત્યે કટિબદ્ધ રહી, સંયુક્ત અને મજબૂત ભારત જોવા માટે અથાક પરિશ્રમ કર્યો અને પોતાના ઉમદા હેતુ માટે શહાદતને ભેટ્યા. હું દેશના આ મહાન સપૂતને મારી સમૃદ્ધ શ્રદ્ધાંજલિ આપું છું.

•





# કોરોના-કોવિડ-૧૯ની સંભવિત ત્રીજી લહેરના મક્કમતાથી મુકાબલા દ્વારા 'હારશે કોરોના –જીતશે ગુજરાત' ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકારની રણનીતિ-કાર્યયોજના જાહેર

ગુજરાત કોવિડ-૧૯ કોરોનાની સંભવિત ત્રીજી લહેરના મક્કમતાથી મુકાબલા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ સજ્જ છે. રાજ્ય સરકાર આ હેતુસર એક વિસ્તૃત અને નક્કર કાર્યયોજના એકશન પ્લાન ઘડી 'હારશે કોરોના-જીતશે ગુજરાત'ના મંત્ર સાથે કોરોનાની આવનારી સંભવિત ત્રીજી લહેર સામે પણ ફતેહ હાંસલ કરશે. એવો નિર્ધાર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામેના રાજ્ય સરકારના એકશન પ્લાન-રણનીતિની જાહેરાત કરતાં આ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાની પ્રથમ લહેર અને બીજી લહેરને રાજ્ય સરકારે સઘન આરોગ્યલક્ષી પગલાંઓ, થ્રી ટી-ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટની સ્ટેટ્રેજી, ફ્રન્ટલાઈન વર્કર્સ, આરોગ્યકર્મીઓ અને જનતા જનાર્દનના સહયોગથી મહદ્અંશે નિયંત્રણમાં રાખવામાં સફળતા મેળવેલી છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં આપણે સંપૂર્ણ લોકડાઉનની પદ્ધતિ અન્ય રાજ્યોની જેમ અપનાવવી પડી નથી. લોકોના સહયોગ અને SMS સહિતની કોરોના ગાઈડલાઈન્સના રાજ્યમાં પાલન સાથે માત્ર ૩૬ શહેરોમાં મર્યાદિત નિયંત્રણો લાગુ કરીને આપણે કોરોના કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો કરી શક્યા છીએ તે જ આપણી સફળતા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોવિડ-૧૯ની પહેલી લહેરમાં ગત વર્ષ સપ્ટેમ્બર-૨૦૨૦ની ૨૫મી તારીખ આસપાસ રોજના ૧૬૦૦ જેટલા કેસો રાજ્યમાં નોંધાતા હતા અને તે વધીને ૨૫મી નવેમ્બરે ૧૮૦૦-૧૯૦૦ થયા હતા તે રાજ્યમાં સૌથી વધુ કેસ એક દિવસમાં નોંધાયા હોય તેવો બીજો તબક્કો હતો.

આ કેસોની સંખ્યા આપણા સઘન ઉપાયો, કોરોના સંક્રમણ નિયંત્રણનાં વ્યાપક પગલાંઓ અને ગાઈડ લાઈન્સના ચુસ્ત અનુપાલનને પરિણામે ફેબ્રુઆરી-૨૧માં ઘટીને રોજના ૨૦૦-૨૭૫ કેસોની થઈ ગઈ હતી.

રાજ્યમાં કોરોનાની બીજી લહેરમાં તા.૩૦મી એપ્રિલે સૌથી વધુ ૧૪,૬૦૫ જેટલા કેસો નોંધાયા હતા અને સમગ્ર રાજ્યમાં કોવિડના એક્ટિવ દરદીઓની સંખ્યા ૧.૪૮



લાખ જેટલી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્ય સરકારે કોવિડ હોસ્પિટલો, ઓક્સિજન બેડ, ઓક્સિજન સપ્લાય અને સંક્રમણ નિયંત્રણના જે વ્યાપક ઉપાયો યુદ્ધના ધોરણે હાથ ધર્યા તેના પરિણામે છેલ્લા ચાર-પાંચ દિવસથી કેસોની સંખ્યા ઘટીને ૫૦૦ કરતાં પણ ઓછી થઈ ગઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કેસોની સંખ્યા ઘટી છે પરંતુ કોરોના વાઈરસ હજી ગયો નથી. કોરોના સામેની સમજ અને શિસ્તમાં જરા પણ ઢીલાશ પાલવે તેમ નથી. આપણે દવાઈ ભી, કડાઈ ભી અને જાન ભી હૈ, જહાન ભી હૈ ના પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પ સાથે રોજિંદી પ્રવૃત્તિઓ સંપૂર્ણ સતર્કતા-સાવચેતીથી ચાલુ રાખવાની છે.

એટલું જ નહિ, વિશ્વના અને આપણા દેશના તજજ્ઞો કોવિડ મહામારીની ત્રીજી વેવ-લહેર આવવાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે ત્યારે ગુજરાત આ ત્રીજી લહેરનો ઓછામાં ઓછો ભોગ બને અને તેની અસરોને વ્યૂહાત્મક રીતે ખાળી શકાય તેવા હેતુથી રાજ્ય સરકારે એક વિસ્તૃત અને સર્વગ્રાહી રણનીતિ-કાર્યયોજના, એકશન પ્લાન ઘડ્યા છે.

આવો આગોતરો એકશન પ્લાન ઘડનારું ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે એમ પણ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, આ સંભવિત ત્રીજી લહેરની શકયતાઓને પગલે રાજ્ય સરકારે સંપૂર્ણ સજ્જતા કેળવવા મે મહિનાના બીજા સપ્તાહથી જ તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

રાજ્યની કોવિડ ટાસ્કફોર્સના તજજ્ઞ તબીબો સાથે બેઠકો યોજીને તેમનાં મંતવ્યો, અભિપ્રાયો એકશન પ્લાન ઘડવા મેળવવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને ૮ મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો સાથે વિડિયો કોન્ફરન્સ સંવાદ યોજીને તેમના સ્તરે થયેલા આયોજનની જાણકારી મેળવી તેમને રાજયકક્ષાએથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથોસાથ રાજ્યની સરકારી હોસ્પિટલોના અગ્રણી તબીબો સાથે પણ સંવાદ કરીને એકશન પ્લાનમાં તેમનાં મંતવ્યો મેળવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યમાં કોરોના-કોવિડની સ્થિતિની સમીક્ષા માટે નિયમિતપણે મળતી કોર કમિટીની બેઠકોમાં પણ વખતોવખત આ સંભવિત ત્રીજી લહેરના સંક્રમણ સાથેની પૂર્વતૈયારીઓ અંગે વિશદ ચર્ચા-મંથન કરવામાં આવેલું છે.

આ બધાં જ મંતવ્યો અભિપ્રાયો અને કોર કમિટીના વિવિધ નિર્ણયોની ફલશ્રુતિને આખરી ઓપ આપતાં આજે આપણે એકશન પ્લાન-રણનીતિ જાહેર કરી રહ્યા છીએ એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.


મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની આ રણનીતિ-કાર્યયોજનાની વિશેષતાઓ અંગેની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, આપણે બે બાબતો પર વિશેષ ફોકસ કરીને આ રણનીતિ બનાવી છે.

તદ્અનુસાર, ત્રીજા વેવને આવતો જ અટકાવવો તેમજ તીવ્રતા-ઈન્ટેસિટી ઘટાડવી, સાથોસાથ જો સંભવિત ત્રીજા વેવમાં કેસોની સંખ્યા વધી જાય તો તેને પહોંચી વળવા આરોગ્ય તંત્રનું ક્ષમતાવર્ધન કરવું એવી બેવડી રણનીતિ સાથે રાજ્ય સરકાર આગળ વધવા પ્રતિબદ્ધ છે એમ શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાની સંભવિત ત્રીજી લહેરના મુકાબલા માટે રાજ્ય સરકારના આયોજનની તબક્કાવાર વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ઘડાયેલી રણનીતીમાં રાજ્યમાં અર્લી ફોરકાસ્ટિંગ મેથડ વિકસાવવી, સર્વેલન્સ અને ટેસ્ટિંગમાં વધારો કરવો, ઓક્સિજન પુરવઠો સુદૃઢ કરવો, જરૂરી દવા-ઈન્જેક્શનનો જથ્થો સુનિશ્ચિત કરવો, બાળકો અને વયસ્કો માટે નવા વેન્ટિલેટર્સ ખરીદવા, તબીબ-નર્સ અને પેરામેડિકલ સ્ટાફની ભરતી, રેડી ટુ ગો હોસ્પિટલ્સ તૈયાર કરવી, જિલ્લા સ્તરે કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર ઊભાં કરવા, બેડ-પથારીઓની સંખ્યા દર્શાવતી કેંદ્રીકૃત પ્રણાલી વિકસાવવી, સંજીવની અને ધન્વંતરી રથનો વ્યાપક ઉપયોગ અને હોમ આઈસોલેશનમાં રહેલા દર્દી માટે ટેલી મેડિસિન વ્યવસ્થા જેવી બાબતો સમાવવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની રાહબરીમાં સરકારે બીજી



લહેરની સાપેક્ષે સંભવિત ત્રીજી લહેરમાં રાજયની આરોગ્ય વ્યવસ્થા-સુવિધાઓમાં વધારો કરવાની કાર્યયોજના નિર્ધારિત કરવામાં આવી છે :

- બીજી લહેરમાં રાજયમાં એક્ટિવ કેસ ૧.૪૮ લાખ હતા તેની સામે સંભવિત ત્રીજી લહેરમાં ૨.૫ લાખ એક્ટિવ કેસ થાય તો તેને લક્ષમાં રાખી ઓક્સિજન બેડની સંખ્યા ૬૧,૦૦૦ વધારી ૧,૧૦,૦૦૦ કરવાની કાર્યયોજના ઘડી કાઢવામાં આવી છે.
- રાજયમાં આઈ.સી.યુ. બેડની સંખ્યા ૧૫ હજારથી વધારીને ૩૦ હજાર કરવામાં આવશે, વેન્ટિલેટરની સંખ્યા ૭ હજારથી વધારે ૧૫ હજાર કરવામાં આવશે અને રાજયમાં કોવિડ ફેસિલિટી ૧૮૦૦થી ૨૪૦૦ કરવામાં આવશે.
- સંભવિત ત્રીજી લહેરમાં ઓક્સિજનની માંગને પહોંચી વળવા ઓક્સિજન ક્ષમતા ૧૧૫૦ મેટ્રિક ટનથી ૧૮૦૦ મેટ્રિક ટન, પી.એસ.એ. પ્લાન્ટ ૨૪ થી ૪૦૦ તથા પી.એસ.એ. પ્લાન્ટની ક્ષમતા ૨૦ મેટ્રિક ટનથી ૩૦૦ મેટ્રિક ટન અને ઓક્સિજન કોન્સન્ટ્રેટરની સંખ્યા ૭૦૦થી વધારે ૧૦,૦૦૦ કરવામાં આવશે.ગુજરાત ઓક્સિજનમાં પગભર બને તેવી નેમ રાખવામાં આવી છે.
- રેમડેસિવિર, એમ્ફોટેરિસિન-બી, ટોસિસ્લિઝુમેબ,ફેવિપેરાવિર ટેબલેટ વગેરે દવાઓના બીજા વેવમાં થયેલા વપરાશને આધારે ત્રીજા સંભવિત વેવ માટે પૂરતો જથ્થો પ્રોક્યોર કરવામાં આવશે.
- કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે પૂરતું માનવબળ ઊભું કરવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રીએ સ્પેશિયાલિસ્ટ તબીબોની સંખ્યા ૨૩૫૦ વધારી ૪૦૦૦ એમ.બી.બી.એસ. તબીબની સંખ્યા ૫૨૦૦થી વધારી ૧૦,૦૦૦ નર્સની સંખ્યા ૧૨ હજારથી વધારી ૨૨,૦૦૦ વર્ગ-૪ના કર્મચારીઓની સંખ્યા ૮ હજારથી વધારે ૧૫ હજાર અને અટેન્ડન્ટની સંખ્યા ૪૦૦૦થી વધારે ૧૦ હજાર કરવાનો નિર્ણય કર્યો છે. આ સાથે આરોગ્ય વિભાગમાં ખાલી-વેકેન્ટ તમામ જગ્યાઓને ભરવામાં આવશે.
- મુખ્યમંત્રીશ્રીએ સંભવિત ત્રીજી લહેર માટે ટેસ્ટીંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટની ટ્રીપલ ટી સ્ટ્રેટેજી રૂપે સર્વેલન્સ યુનિટની સંખ્યામાં ૧૪ હજારથી વધારો કરી ૨૧ હજાર અને સર્વેલન્સની ટિમની સંખ્યામાં ૨૧ હજારથી વધારો કરી ૬૦ હજાર કરવાનો નિર્ધાર કર્યો છે.
- આ સાથે રાજયમાં RTPCR ટેસ્ટની સંખ્યા રોજના ૭૫ હજારથી વધારી ૧.૨૫ લાખ કરાશે અને કુલ ટેસ્ટની સંખ્યા જે દરરોજ ૧.૭૫ લાખથી વધારી ૨.૫ લાખ કરવામાં આવશે. RTPCR લેબની સંખ્યા ૧૦૪ થી વધારી ૧૫૫ તથા RTPCR ટેસ્ટ મશીનની સંખ્યા ૨૩૪થી વધારી ૨૮૫ અને સિટી સ્કેન મશીનની સંખ્યા ૧૮થી વધારી ૪૪ કરવામાં આવશે.
- દેશમાં ગુજરાત માત્ર એક રાજ્ય છે જે રાજય સ્તરે જીનોમ સિક્વન્સિંગ કરે છે. ૧૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ સૌપ્રથમ જીનોમ સિક્વન્સિંગ ગુજરાતમાં આપણે કર્યું હતું. રાજયની જીબીઆરસી - ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ કાઉન્સીલ સંસ્થા અન્ય ખાનગી સંસ્થાઓ સાથે જોડાણ કરી આગામી મહિના ૧૦૦૦ જેટલા સેમ્પલનું એક મહિનામાં જીનોમ સિક્વન્સિંગ કરવાની ક્ષમતા કેળવાશે તેવું પણ આ એકશન પ્લાનમાં સૂચવવામાં આવ્યું છે.
- મુખ્યમંત્રીશ્રીએ ધન્વંતરિ રથની સંખ્યા ૧૫૦૦થી વધારી ૩૦૦૦ અને સંજીવની રથની સંખ્યા ૧૪૦૦થી વધારી ૩૦૦૦ કરવાનું પણ આ રણનીતિ કાર્યયોજનામાં સૂચવ્યું છે. ધન્વંતરિ રથ અત્યારના રોજના ૧.૧૦ લાખ કેસની સાપેક્ષે ૨.૨૫ લાખ કેસ હેન્ડલ કરશે તથા સંજીવની રથ ૨૮ હજારની સાપેક્ષે ૬૦ હજાર કેસ ટ્રીટ કરશે.
- કોવિડ-૧૯ કેસોનું તેમજ સારવારનું સીધું નિયંત્રણ અને મોનિટરીંગ મુખ્યમંત્રીશ્રી



કક્ષાએથી થઈ શકે તે હેતુસર જિલ્લા સ્તરે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરાશે.


- આ સેન્ટર્સ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને સી.એમ ડેશબોર્ડ સાથે રિયલ ટાઈમ અપડેટથી જોડાયેલા રહેશે.
- રાજ્યની દરેક હોસ્પિટલોમાં ઉપલબ્ધ બેડની માહિતી માટે એક નોડેલ ઓફિસરની પણ નિમણૂક કરાશે.
- કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે લડવાનું અમોઘ શસ્ત્ર રસીકરણ છે ત્યારે સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં રાજ્યમાં વધુ ને વધુ વેક્સિનના ડોઝ લોકોને આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨ કરોડથી વધુ વેક્સિનના ડોઝ લોકોને આપી દેવામાં આવ્યા છે. આ સાથે જ ગુજરાતે રસીકરણના દરેક તબક્કે ‘૫૨ મિલિયન’ રસીકરણમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. રાજ્યમાં દૈનિક ૩ લાખ વ્યક્તિઓને ૧૨૦૦ કેન્દ્રો પરથી કોરોનાની રસીની ડોઝ આપવામાં આવી રહ્યા છે.
- ૪૫થી વધુની ઉંમરના ૫૪ ટકાથી વધુ લોકોને તથા ૧૮-૪૪ વયના ૧૨ ટકા લોકોને પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે.
- ત્રીજી લહેરમાં ખાસ બાળકોને ધ્યાને રાખી સરકારી હોસ્પિટલોમાં બાળકો માટેના ૨ હજાર બેડ છે તે વધારીને ૪ હજાર કરવામાં આવશે, અહીં ચાઈલ્ડ ફ્રેન્ડલી વોર્ડ ઊભા કરવામાં આવશે જેમાં બાળકોનાં માતા-પિતા, વાલીઓ માટે સુવિધાઓ, રંગીન કાર્ટૂન ચિત્રો સાથેની દીવાલો, ટેલિવિઝન અને રમકડાં સાથેના વોર્ડ ઊભા કરવામાં આવશે. બાળકો માટેના વેન્ટિલેટરની સંખ્યા ૫૦૦થી વધારે ૧૦૦૦ કરવામાં આવશે.
- કોવિડના કેસો વધે તો તે કયા વિસ્તારમાં વધ્યા છે, સંક્રમણની સ્થિતિ, પોઝિટિવિટી રેટ, હોસ્પિટલોમાં બેડની ઉપલબ્ધતાને આધારે જે-તે જિલ્લા અને શહેરોમાં શૈક્ષણિક સંસ્થા, એર, રોડ, ટ્રાન્સપોર્ટેશન સર્વિસ, શોપીંગ મોલ, દુકાનો, જાહેર સ્થળોને ગ્રીન- બ્લુ -યલો -બ્રાઉન અને રેડ કલરના કોડ આપી તે મુજબ નિયંત્રણ લાદવામાં અને છૂટછાટ આપવામાં આવશે.
- રાજ્યમાં જનભાગીદારી સાથે મારુ ગામ-વોર્ડ કોરોના મુક્ત ગામ-વોર્ડનું અભિયાન શરૂ કરેલ છે, જે અંતર્ગત એ અભિયાન ૧૫૦૦૦થી વધારે કોમ્યુનિટી કોવિડ કમિટી અને કોમ્યુનિટી કોવિડ આઈસોલેશન સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે તે ચાલુ રાખવામાં આવશે.
- ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી રાજ્યમાં એપિડેમિક ઈન્ટેલિજન્સ યુનિટની સ્થાપના કરવામાં આવશે જે રાજ્યના વિવિધ જિલ્લાના વિસ્તારોમાં કોવિડ કેસિસમાં વધારા-ઘટાડાનું પૂર્વાનુમાન કરવામાં મદદરૂપ થશે.
- હોમ આઈસોલેશનમાં રહેલા દર્દી માટે ટેલી મેડિસિન વ્યવસ્થા ઊભી કરી નિવૃત તબીબો દ્વારા ઈ-સંજીવની એપ થકી માર્ગદર્શન આપવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ કહ્યું કે, રાજ્ય સરકારે આ સંભવિત ત્રીજી લહેરમાં જો બીજી લહેર કરતાં બે ગણા કેસિસ વધી જાય તો તેને ધ્યાનમાં લઈને સમગ્ર રણનીતિ કાર્યયોજના હાલના તબક્કે ઘડેલા છે.


શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, જો કેસોની સંખ્યા વધે તો તેને પહોંચી વળવાની સઘન સારવાર વ્યવસ્થાઓ અને તૈયારીઓનું પણ રાજ્ય સરકારે પ્લાનીંગ કરેલું છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સૌ નાગરિકોને અપીલ પણ કરી કે, આ સંભવિત ત્રીજી લહેરથી બચવા સૌ કોરોના વેક્સિનેશન અવશ્ય કરાવે, સાથોસાથ સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ અને કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઈડ લાઈન્સનું પાલન પણ ચુસ્તપણે કરે તે જરૂરી છે.

•







# ખરીફ ઋતુ ૨૦૨૧માં કુદરતી આપત્તિ સમયે પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાને ૨૦૨૧ માટે મંજૂરી આપતી ભાજપ સરકાર

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના લાખો ખેડૂતોને ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થતા પાક નુકસાન સામે સહાયરૂપ થવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાને વર્ષ ૨૦૨૧ માટે મંજૂરી આપી છે.

આ યોજનામાં રાજયના નાના-મોટા તેમજ સીમાંત બધા જ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. રાજયના અંદાજે ૫૩ લાખથી વધુ કિસાનોને આ યોજનાનો લાભ મળશે. એટલું જ નહીં આ યોજના માટે ખેડૂતે કોઈ જ પ્રીમિયમ કે અન્ય કોઈપણ પ્રકારની નોંધણી ફી ભરવાની રહેશે નહીં.

અનાવૃષ્ટિ-દુષ્કાળ-અતિવૃષ્ટિ-કમોસમી વરસાદ-માવઠું જેવા જોખમથી થતા પાક નુકસાનને પણ આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના સહાય ધોરણ અંગેની વાત કરવામાં આવે તો, ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાનની ટકાવારી ૩૩ થી ૬૦ ટકા હોય તો પ્રતિ હેક્ટર રૂપિયા ૨૦,૦૦૦ની સહાય વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. એટલું જ નહીં, ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાન ૬૦ ટકાથી વધુ હોય તો પ્રતિ હેક્ટર રૂપિયા ૨૫,૦૦૦ની સહાય મહત્તમ ૪ હેક્ટરની મર્યાદામાં અપાશે.

તદ્ઉપરાંત વન અધિકાર કાયદા હેઠળ સનદ ધરાવતા વનબંધુ ખેડૂતોને પણ લાભ મળશે. આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોની અરજી ઓનલાઈન મેળવવા ડેડિકેટેડ પોર્ટલ પણ તૈયાર કરાશે. લાભાર્થી ખેડૂતોએ ઈ-ગ્રામ સેન્ટર ઉપર જઈ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ખેડૂતોને અરજી માટે કોઈપણ પ્રકારની ચુકવણી કે ફી ભરવાની રહેશે નહીં. તેમજ અરજીની ડેટા એન્ટ્રી માટે રાજ્ય સરકાર સંપૂર્ણ ખર્ચ ચૂકવશે.

આ મુખ્યમંત્રી સહાય યોજનામાં પ્રાથમિક આકારણી અને ખેડૂતોની અરજીના આધારે લાભની ગણતરી તેમજ તાલુકા કક્ષાએથી સહાય મંજૂર થયા બાદ જિલ્લા કક્ષાએથી સહાયની રકમ લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT દ્વારા ચૂકવવામાં આવશે.


આ યોજનાના સુચારુ અમલીકરણ તેમજ ખેડૂતોના માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબરની સુવિધા પણ આપવામાં આવી છે. આ યોજના ઉપરાંત જે ખેડૂત લાભાર્થીઓને એસ.ડી.આર.એફ. યોજનાની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર હશે તો તે પણ મળવાપાત્ર થશે. રાજયના ખેડૂતો આખું વર્ષ મહેનત કરતા હોય ત્યારે ઘણી વખત કુદરતી પરિબળો સાથ ના આપે અને કુદરતી આપત્તિના કારણે પાકને નુકસાન જાય ત્યારે ગુજરાત સરકાર હંમેશા રાજયના લાખો ખેડૂતોના પડખે રહી છે અને ખેડૂતો માટે સહાયરૂપ પેકેજ પણ આપતી આવી છે.


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં રાજયમાં 'તાઉ-તે' વાવાઝોડાને કારણે અસરગ્રસ્ત જિલ્લાઓમાં ખેડૂતોને થયેલ નુકસાનથી બેઠા કરવાની સંવેદના સાથે અસરગ્રસ્ત ખેડૂતોની પડખે રહીને રૂ.૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. એટલું જ નહિ ભૂતકાળમાં રાજયના ખેડૂતોને જયારે જયારે કુદરતી આપદાઓનો સામનો કરીને પાક નુકસાન વેઠવાનું આવ્યું છે ત્યારે ત્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કિસાન હિતકારી સંવેદનશીલ અભિગમ અપનાવીને ઉદારતમ સહાય પેકેજ આપેલાં છે.

તદ્અનુસાર, મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૦માં ઓગસ્ટ માસમાં થયેલા ભારે વરસાદના પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઈ માટે પણ રાજય સરકાર દ્વારા રૂ. ૩૭૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું.

એ જ રીતે, વર્ષ ૨૦૧૯માં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન આવેલા કમોસમી વરસાદના કારણે રાજયના ખેડૂતોને ભારે નુકસાન થયું હતું ત્યારે પણ રાજય સરકારે રૂ. ૩૭૯૫ કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું હતું.







### વિશ્વના પ્રથમ નેનો યુરિયા લિક્વિડ ખાતરનો ફ્લેગ ઓફ

# ગુજરાત સરકાર કુદરતી આપત્તિના સમયે ખેડૂત હિતકારી પગલાંઓથી ધરતીપુત્રોની પડખે ઊભી રહી છે - શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પરંપરાગત ખેતીની દિશા બદલવામાં નેનો ટેકનોલોજીથી બનેલું નાઈટ્રોજનયુક્ત નેનો યુરિયા લિક્વિડ ખાતર ધરતીપુત્રો માટે ઉપયોગી બનશે તેવો મત વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઈફકો-કલોલ દ્વારા ઉત્પાદિત વિશ્વના પ્રથમ એવા પર્યાવરણ અનુકૂળ નેનો યુરિયા લિક્વિડ ખાતરનો ફ્લેગ ઓફ ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા સંપન્ન કર્યો હતો.

તેમણે આ સિદ્ધિ માટે ઈફકોના વૈજ્ઞાનિકો અને સંચાલક મંડળને અભિનંદન આપતાં કહ્યું કે, યુરિયાની વ્યાપક માંગ સામે આ નેનો ટેકનોલોજીથી ઉત્પાદિત લિક્વિડ યુરિયા ખેડૂતો માટે યુરિયાની ઉપલબ્ધિ સરળ બનાવશે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેંદ્ર સરકારે ખેડૂત અને ખેતીના કલ્યાણ અને વિકાસ માટે અનેકવિધ યોજનાઓ પગલાંઓ લઈને કિસાનને 'જગતનો તાત રૂવે દિન-રાત'ની કહેવતથી મુક્ત કરી સાચા અર્થમાં જગતનો તાત બનાવ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું.


મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પહેલાં યૂરિયાનો ઉપયોગ પાકમાં ઓછો અને ઉદ્યોગોમાં વધુ થતો હતો, જેના કારણે ખેડૂતોને યુરિયા સમયસર મળતું નહોતું. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ખેડૂતોની આ સમસ્યાનું સમાધાન કર્યું અને યૂરિયાને નીમ કોટેડ કરી દીધું જેથી ફક્ત પાક માટે ખેતીમાં જ તેનો ઉપયોગ થઈ શકે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજે ધિરાણ, દિવસે વીજળી આપતી કિસાન સૂર્યોદય યોજના તથા તાજેતરમાં તાઉ'તે વાવાઝોડાથી બાગાયતી પાકોને થયેલા વ્યાપક નુકસાન સામે બેઠા થવા રૂ. ૫૦૦ કરોડના રાહત પેકેજ જેવાં કિસાન હિતકારી પગલાંઓથી આ સરકાર હંમેશા ખેડૂતોનાં હિતોને અગ્રતા આપતી આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશભરમાં ગુજરાતે પ્રથમવાર એક નવો પ્રયોગ હાથ ધર્યો છે. તાઉતે વાવાઝોડા બાદ નારિયેળ, કેરી આંબા,લીંબુ તેમજ જામફળ જેવાં વૃક્ષ પડી ગયાં હોય એ જ જગ્યા પર ફરી તેને લગાવીને પુનઃજીવિત કરવામાં આવશે. એટલું જ નહીં, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કૃષિ વૈજ્ઞાનિકોની પણ આ કામમાં મદદ લેવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે, હવે ખેડૂતોને સબસિડીવાળા યુરિયાથી ૧૦ ટકા ઓછી કિંમતે ઈફકો દ્વારા આ નેનો યુરિયા ઉપલબ્ધ થશે જેનાથી ખેડૂતોને આર્થિક ફાયદો થવા સાથે જમીનમાં થયેલું અસંતુલન દૂર થવામાં પણ મદદ મળશે.

વિશ્વભરમાં, ખેતીના પાકની ઉપજમાં ઊણપ, પોષક તત્ત્વોની ઓછી કાર્યક્ષમતા, માટીમાં ઘટી રહેલા કાર્બનિક પદાર્થો, વિવિધ પોષક તત્ત્વોની ખામી, ખેતીલાયક જમીન અને પાણીની ઉપલબ્ધતામાં ઘટાડો જેવા વિવિધ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂમિ અને જળ સંસાધનોનો ક્ષય એ વધતી જતી વસ્તીના ખોરાક, આજીવિકા અને પોષણ સુરક્ષા માટે ગંભીર પડકારરૂપ છે. તેવા સમયે નેનોફર્ટિલાઈઝર્સનો ઉપયોગ હવે છોડના વિકાસને પ્રોત્સાહિત કરવાની આશાસ્પદ યોજના તરીકે ઊભરી રહ્યો છે. પ્રભાવી અને ટકાઉ કૃષિપદ્ધતિઓ પાણી, ખાતર અને અન્ય સામગ્રીના કાર્યક્ષમ ઉપયોગ તરફ દોરી જાય છે. આમ વ્યય, પર્યાવરણ પ્રદૂષણ અને ઊર્જાના વપરાશમાં ઘટાડો કરી ખેતીને વધુ ટકાઉ બનાવી શકાય છે.

નેનો યુરિયા (લિક્વિડ)નું બાયોટેકનોલોજી વિભાગ (ડીબીટી), ભારત સરકાર અને OECD ઈન્ટરનેશનલ ગાઈડલાઈન્સની માર્ગદર્શિકા અનુસાર બાયોસેફ્ટિી અને ઝેરીપણા માટે પરીક્ષણ કરવામાં આવ્યું છે. નેનો યુરિયા (લિક્વિડ), નિયત માત્રામાં, માનવ, પ્રાણીઓ, પક્ષીઓ, સૂક્ષ્મ જીવો અને પર્યાવરણ માટે સંપૂર્ણપણે સલામત છે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ખાતર નિયંત્રણ હુકમ (FCO) હેઠળ નેનો ફર્ટિલાઈઝર તરીકે ઈફકો નેનો યુરિયા (લિક્વિડ)ને સૂચિત કર્યું છે.





## ગુજરાતમાં આવશે પર્યાવરણ-પ્રિય વાહન-વ્યવહારનો નવો યુગ

# આગામી ૪ વર્ષમાં રાજ્યના માર્ગો પર બે લાખ ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગના લક્ષ્ય સાથે ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-૨૦૨૧ની મહત્ત્વપૂર્ણ જાહેરાત

ગુજરાત દેશના ઓટોમોબાઈલ હબ તરીકે ખ્યાતિપ્રાપ્ત રાજ્ય છે. હવે, પર્યાવરણ-પ્રિય વાહન-વ્યવહારમાં સિમાચિન્હ રૂપ ઈલેક્ટ્રિક વ્હીકલ હબ પણ ગુજરાત આગામી વર્ષોમાં બનશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ હેતુસર ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-૨૦૨૧ની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પોલિસીની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, આ નીતિ-પોલિસી દ્વારા ઈ-વ્હીકલની નવી ટેકનોલોજીને પ્રોત્સાહન મળશે તથા ઈ-વ્હીકલના ડ્રાઈવિંગ, વેચાણ, ધિરાણ, સર્વિસિંગ અને ચાર્જિંગ વગેરે ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વૃદ્ધિ થશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણા તેમજ ઈલેક્ટ્રિક વ્હીકલ ક્ષેત્રના વિવિધ નિષ્ણાતોના અભિપ્રાયો અને સહાયથી ટેકનોલોજી, ઉત્પાદન પ્રક્રિયા તેમજ ઈ-વ્હીકલ સંબંધિત પરિબળો તથા ભારત સરકારની નીતિઓને ધ્યાનમાં લઈને ગુજરાતની આ ઈ-વ્હીકલ પોલિસી ઘડવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતની ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસીમાં મુખ્યત્વે ચાર બાબતો પર વિશેષ ઝોક આપવામાં આવેલો છે.

રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ વધારવો, રાજ્યને ઈ-વ્હીકલ અને તેને આનુષંગિક સાધન-સામગ્રીના ઉત્પાદનનું મેન્યૂફેકચરીંગ હબ બનાવવું તેમજ ઈલેક્ટ્રિક મોબિલિટી ક્ષેત્રે યુવા સ્ટાર્ટઅપ અને રોકાણકારોને પ્રોત્સાહિત કરવા, સાથોસાથ વાહનોના ઈંધણના ધુમાડાથી થતા વાયુ-ધ્વનિ પ્રદૂષણને ઘટાડી પર્યાવરણની રક્ષા કરવી એવા બહુવિધ ધ્યેય આ પોલિસીના છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આવનારાં ચાર વર્ષમાં આ નીતિ અંતર્ગત બે લાખ ઈલેક્ટ્રિક વાહનો રાજ્યના માર્ગો પર આવશે તેવી સ્પષ્ટ ધારણા સાથે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. તદ્અનુસાર, ૧ લાખ ૧૦ હજાર ટૂ વ્હીલર, ૭૦ હજાર થ્રી વ્હીલર અને ૨૦ હજાર જેટલાં ફોર વ્હીલર આગામી ૪ વર્ષોમાં રાજ્યમાં આવશે તેવો અંદાજ છે.

આવાં વાહનોનો પ્રતિ કિલોમીટરનો વપરાશખર્ચ અન્ય વાહનો કરતાં એવરેજ ૩૦થી ૫૦ ટકા ઓછો આવે છે તેમજ વાયુ પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થાય છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. એટલે કે આગામી ચાર વર્ષમાં ૨ લાખ ઈલેક્ટ્રિક વાહનો ગુજરાતના માર્ગો પર યાતાયાત માટે આવશે ત્યારે ઓછામાં ઓછા આશરે પાંચ કરોડ રૂપિયાની ઈંધણ બચત થશે તથા ૬ લાખ ટન જેટલું કાર્બન ઉત્સર્જન ઘટશે તેવો અંદાજ રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, ઈલેક્ટ્રિક વાહનો મોંઘાં છે અને સામાન્ય માનવીને તે પરવડી શકે તેમ નથી તેવી માન્યતા દૂર થાય અને ચાર વર્ષમાં બે લાખ ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગનો લક્ષ્યાંક વાસ્તવિકતા બને તેનો પણ સુદૃઢ વિચાર કરીને આ પોલિસી તૈયાર થઈ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી માટે વાહનના કિલોવોટ દીઠ રૂ. ૧૦ હજારની સબસિડી આપશે.

સમગ્ર દેશમાં ગુજરાત આવી પ્રતિ કિલોવોટ સબસિડી આપવામાં અગ્રેસર રાજ્ય છે એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે દેશનાં અન્ય રાજ્યો આવી સબસીડી પ્રતિ કિલોવોટ વધુમાં વધુ રૂ. ૫ હજાર આપે છે જ્યારે ગુજરાતમાં એનાથી બમણી એટલે કે પ્રતિ કિલોવોટ વધુમાં વધુ રૂ. ૧૦ હજારની સબસીડી આપણે આપવાના છીએ. આના પરિણામે ચાર વર્ષમાં



રાજ્ય સરકાર રૂ. ૮૭૦ કરોડનો બોજ વહન કરશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, રાજ્યમાં ઇલેક્ટ્રિક ટુ વ્હીલર ખરીદનાર વ્યક્તિને ૨૦ હજાર રૂપિયા સુધીની સબસિડીનું પ્રોત્સાહન મળશે, તે જ રીતે થ્રી વ્હીલર માટે ૫૦ હજાર સુધી અને ફોર વ્હીલર માટે રૂ. ૧ લાખ ૫૦ હજારનું પ્રોત્સાહન અપાશે. આ સબસિડીનો લાભ ૧.૫૦ લાખ સુધીની કિંમતના ટુ વ્હીલર, ૫ લાખ સુધીની કિંમતના થ્રી વ્હીલર અને ૧૫ લાખ સુધીની કિંમતના ફોર વ્હીલરને મળવાપાત્ર થશે. એટલું જ નહિ, આ સબસિડીની રકમ વાહન ખરીદનાર વ્યક્તિના બેંક ખાતામાં સીધી જ ડી.બી.ટી.થી આપવામાં આવશે તથા સરળ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પોર્ટલ મારફતે ખૂબ જ ઓછા સમયમાં વાહન ખરીદનારને આવી સબસિડી મળી જાય તે સુનિશ્ચિત કરવામાં આવશે તેમ તેમણે કહ્યું હતું.

આવી સબસિડી માટે પ્રાઈવેટ કે કોમર્શિયલ વાહન કોઈ પણ વાહનનો પ્રકાર ધ્યાનમાં લીધા સિવાય અને ગુજરાતના આર.ટી.ઓ. દ્વારા પાસ થયેલા વાહનોને મોટર નોંધણી ફીમાંથી ૧૦૦ ટકા મુક્તિ આપવામાં આવશે તેવી મહત્ત્વપૂર્ણ જોગવાઈ પણ આ પોલિસીમાં રાખવામાં આવેલી છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ભારત સરકાર ઇલેક્ટ્રિક વ્હીકલ પ્રોત્સાહન યોજના (ફ્રેમ-૨) અન્વયે વાહન ખરીદનારને જુદાં જુદાં પ્રોત્સાહનો આપે છે. ગુજરાત સરકાર દ્વારા જે સબસિડી અપાશે તે ભારત સરકારની આ યોજના ઉપરાંત આપવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આવાં ઇલેક્ટ્રિક વાહનોમાંની બેટરીના ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ વિકસાવવાની બાબત પણ આ પોલિસીમાં સાંકળી લેવાઈ છે તેમ જણાવ્યું હતું. તેમણે આ અંગે કહ્યું કે, ભારત સરકારની ઇલેક્ટ્રિક વ્હીકલ પ્રોત્સાહન યોજના (ફ્રેમ-૨) અન્વયે રાજ્યમાં ૨૭૮ જેટલા ચાર્જીંગ સ્ટેશન મંજૂર થયેલાં છે. રાજ્ય સરકાર આ ઉપરાંત વધુ ૨૫૦ ચાર્જીંગ સ્ટેશન ઊભાં કરવા રૂ. ૧૦ લાખની મર્યાદામાં ૨૫ ટકા જેટલી કેપિટલ સબસિડી પૂરી પાડશે. આમ, આગામી વર્ષોમાં સમગ્ર રાજ્યમાં ૫૨૮ જેટલા ચાર્જીંગ સ્ટેશનનું નેટવર્ક ઊભું થશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર અલગ અલગ ટેકનોલોજી અને વિવિધ બિઝનેસ મોડલ્સ દ્વારા ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહિત કરશે. તેના દ્વારા ખાનગી માલિકીના, વીજળીનું વિતરણ કરતી કંપનીઓની માલિકીના અને રોકાણકર્તાઓની માલિકીના ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બેટરીના સ્વેપીંગ સ્ટેશનોને પ્રોત્સાહન મળશે.

એટલું જ નહિ, હાઉસીંગ અને કોમર્શિયલ બાંધકામોમાં ચાર્જીંગ સ્ટેશનની વ્યવસ્થા ઊભી થાય તેવી જોગવાઈ પણ આ પોલિસીમાં કરવામાં આવેલી છે. પેટ્રોલ પંપોને પણ ચાર્જીંગ સ્ટેશન માટે મંજૂરી આપવામાં આવશે.


આમ, સમગ્રતયા ઇલેક્ટ્રિક વાહનોના ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર રહી સમગ્ર દેશમાં એક ઉદાહરણ પૂરું પાડશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદકોને ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી અને અન્ય પોલિસીઓ અંતર્ગત ઈન્સેન્ટિવ મળશે. નેશનલ ઇલેક્ટ્રિક મોબિલિટી પ્લાન સાથે આ પોલિસી સુસંગત બનાવવામાં આવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે ઈ-વ્હીકલ ઉપર સમગ્રતાથી ગહનતાપૂર્વક વિચાર કર્યો છે. આ એક નવી ટેકનોલોજી છે તેને વધાવવા ગુજરાત સરકારે પૂરી તૈયારી કરી છે. ઈ-વ્હીકલનો વપરાશ વધતાં તેમાં વેચાણ, ધિરાણ, સર્વિસિંગ, ચાર્જીંગ, ડ્રાઈવિંગ, ટ્રેનિંગ ક્ષેત્રે રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. આ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ અને રોકાણને રાજ્યમાં પ્રોત્સાહિત કરવામાં આવશે, તેમ શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે આ પોલિસીના અસરકારક અમલીકરણ માટે સ્પષ્ટ સ્ટ્રેટેજી ઘડી છે તે અનુસાર આ પોલિસીના આયોજન, અમલ અને રીવ્યુ માટે બંદરો અને વાહન-વ્યવહાર વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, રાજ્ય સરકાર આ પોલિસી જાહેર કરીને સંતોષ માનવાની નથી પરંતુ તેના અમલીકરણની સમીક્ષા પણ વખતોવખત કરવામાં આવશે અને આ પોલિસીના હેતુઓ પાર પડે તે સુનિશ્ચિત કરશે.

નજીકના ભવિષ્યમાં બે લાખ ઇલેક્ટ્રિક વાહનોની નોંધણી રાજ્યમાં થશે અને જે રીતે ગુજરાતનું વિકાસ મોડલ પ્રખ્યાત થયું છે તેમ ગુજરાત ઇલેક્ટ્રિક વાહનનું મૉડેલ પણ સમગ્ર દેશ માટે ઉદાહરણ રૂપ બનશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વ્યક્ત કર્યો હતો.






# બોર્ડર ટૂરિઝમના હોલિસ્ટિક કન્સેપ્ટ સાથે સીમાદર્શન પ્રોજેક્ટ દ્વારા ગુજરાત વિશ્વ પ્રવાસન નકશે અગ્રેસર બનશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારત પાકિસ્તાન સરહદે અને બનાસકાંઠાના છેવાડાના વિસ્તાર નડાબેટ ખાતે 'સીમાદર્શન' અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટૂરિઝમના હાથ ધરાઈ રહલાં વિવિધ પ્રવાસન વિકાસકામોની નિરીક્ષણ મુલાકાત નડાબેટ જઈને કરી હતી.

સીમાદર્શનનો આ પ્રોજેકટ સમગ્રતયા અંદાજિત ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહ્યો છે અને આગામી૧૫ ઓગસ્ટ-૨૦૨૧ પહેલાં પૂર્ણ થવાનો અંદાજ છે.

આ પ્રોજેક્ટ અન્વયે ગુજરાત પ્રવાસન નિગમે નડેશ્વરી માતાના મંદિર પાસે વિસામોની કામગીરી પૂર્ણ કરી છે. એટલું જ નહિ, નડેશ્વરી મંદિરથી સીમાદર્શન માટેના ઝીરો પોઈન્ટ સુધી જવાના માર્ગ પર ટી જંકશન પાસે વિવિધ યાત્રી સુવિધાનાં કામો અલગ-અલગ ચાર ફેઈઝમાં હાથ ધરાઈ રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ આ કામોમાં ફેઈઝ-૧નાં કામો જે અંદાજે રૂ. ૨૩ કરોડના ખર્ચે પૂર્ણતાને આરે છે તે કામો અને યાત્રીસુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કરી સંપૂર્ણ વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન મંત્રીશ્રી સાથે બીજા ફેઈઝના કુલ ૩૨ કરોડના ખર્ચે નિર્માણાધીન વિકાસકામોનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ બીજા ફેઈઝના કામોમાં અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એક્ઝિબિશન સેન્ટર અને સરહદ સલામતીની વિશિષ્ટ પ્રતિકૃતિ સમાન ગેઈટના કામો હાલ ચાલી રહ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાના અંતિમ સપ્તાહમાં નડાબેટ ખાતેના આ બોર્ડર સિક્યુરિટી ફોર્સના ઝીરો પોઈન્ટને સીમાદર્શન તરીકે ખુલ્લો મૂકીને તેને બોર્ડર ટૂરિઝમની આગવી ઓળખ આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સીમાદર્શન કાર્યક્રમ અન્વયે રાજયના અને રાજય બહારના પ્રવાસન-પ્રેમીઓને નડાબેટ ઝીરો પોઈન્ટ ખાતે ભારતીય સીમા સુરક્ષા દળ દ્વારા આપણા દેશના સીમાડા સાચવવાની અને રક્ષા કરવાની રોમાંચક કામગીરી પ્રત્યક્ષ નિહાળવાની તક મળે છે.

ભારત-પાકિસ્તાન બોર્ડરની મુલાકાત લઈને તેમજ સીમા સુરક્ષા દળ દ્વારા કરવામાં આવતી રિટ્રીટ સેરીમની નિહાળીને દેશભક્તિ-રાષ્ટ્રભાવનાની અનોખી ચેતના અહીં આવનારા પ્રત્યેક પ્રવાસીમાં ઉજાગર થાય તેવાં શૌર્યસભર દૃશ્યો અહીં સર્જાય છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમગ્ર સ્થાનને બોર્ડર ટૂરિઝમ તરીકે વિકસાવવા માટે પ્રવાસન વિભાગને પ્રેરિત કરતાં રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ, પ્રવાસન વિભાગ અને સીમાસુરક્ષા દળના સંકલનમાં આ પ્રવાસન સ્થાનનો બહુવિધ વિકાસ થઈ રહ્યો છે.

તદ્અનુસાર ફેઈઝ-૧માં જે કામો હાથ ધરાયાં છે તેમાં પ્રવાસીઓના આગમન માટેનો આગમન પ્લાઝા, પાર્કિંગ, ઓડિટોરિયમ રિટેઈનીંગ વોલ અને પીવાના પાણીની સુવિધા તેમજ ટોઈલેટ બ્લોકસનાં કામો પૂર્ણ થઈ ગયાં છે. નડેશ્વરી મંદિરની સીમાદર્શન માટેના ઝીરો પોઈન્ટ રૂટ ઉપર ટી જંકશનથી ઝીરો પોઈન્ટ સુધી આ પ્રવાસન વિકાસકામો ૪ ફેઈઝમાં હાથ ધરાવાનાં છે. આ પ્રવાસન સ્થળને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવા ૧૪ જેટલા સોલાર ટ્રી લગાવવાની કામગીરી પણ સીમાદર્શન-બોર્ડર ટૂરિઝમ પ્રોજેકટમાં હાથ ધરવામાં આવી છે.

સીમાદર્શન માટે આવનારા સૌ પ્રવાસીઓ આપણાં સુરક્ષાદળો-સેનાની સજ્જતાથી સુપેરે પરિચિત થાય તે માટે ટી જંકશનથી ઝીરો પોઈન્ટ સુધીના માર્ગ પર પ્લેટફોર્મ બનાવીને સરફેસ ટુ સરફેસ મિસાઈલ, સરફેસ ટુ એર મિસાઈલ, T-55 ટેન્ક, આર્ટીલરી ગન, ટોરપીડો, વિંગ ડ્રોપ ટેન્ક અને મિગ-૨૭ એરક્રાફટ ડિસપ્લે કરવામાં આવશે.



# આપણું ભાજપ આપણા કાર્યક્રમો

પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં અને પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં યુવા મોરચાની વર્ચ્યુઅલ બેઠક મળી, જેમાં પ્રદેશ મંત્રીશ્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઈ ચૌધરીએ યુવા મોરચાના પદાધિકારીઓને માર્ગદર્શન આપ્યું.

**૩૭૦ પહેલાંનું કાશ્મીર અને ૩૭૦ નાબૂદ થયા પછીનું કાશ્મીરને લોકોથી અવગત કરવાના કામમાં યુવા મોરચો અગ્રેસર બને - પ્રદીપસિંહ વાઘેલા**

પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાએ કોરોનાકાળમાં ૧ મહિનામાં સમગ્ર ગુજરાતમાં રક્તદાન કેમ્પ યોજી ૨૬૦૦૦થી વધુ રક્ત યુનિટ એકત્ર કરવા બદલ યુવા મોરચાને અભિનંદન પાઠવ્યાં તાં. ૨૩ જૂને શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસના કાર્યક્રમ થકી ૩૭૦ પહેલાંનું કાશ્મીર અને ૩૭૦ નાબૂદ થયા પછીના કાશીમીરને લોકોથી અવગત કરવાના કામમાં યુવા મોરચો અગ્રેસર બને. પાર્ટી દ્વારા ચાલતા પેજ કમિટી અભિયાનમાં પોતાના જિલ્લા / મહાનગરમાં આગ્રહપૂર્વક જોડાઈને વહેલામાં વહેલી તકે પેજકમિટીનું કામ પૂર્ણ કરવાનું આહ્વાન કર્યું હતું. રાજકારણ સાથે સાથે સમાજકારણના માધ્યમથી લોકોની સેવા કરવી જોઈએ તેમ શ્રી પ્રદીપસિંહે જણાવ્યું હતું.

**સંગઠનનો મૂળ મંત્ર એટલે 'પ્રવાસ, સંપર્ક,બેઠક, કાર્યક્રમ અને પ્રશિક્ષણ' - શ્રી પંકજ ચૌધરી**

પ્રદેશ મંત્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઈ ચૌધરીએ સંગઠનાત્મક વાત કરતાં જણાવ્યું હતું કે ' પ્રવાસ, સંપર્ક, બેઠક, કાર્યક્રમ, પ્રશિક્ષણ' એ સંગઠનના મૂળ મંત્રો છે. પાર્ટી દ્વારા આપવામાં આવેલ આગામી કાર્યક્રમોમાં યુવા મોરચાએ કેવી રીતે સહભાગી થઈને કાર્યક્રમને સફળ બનાવવો જોઈએ તે માટે સજ્જ કર્યા હતા. સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા યુવા મોરચાની ભૂમિકા શું હોઈ શકે તે વિશે શ્રી ચૌધરીએ માહિતગાર કર્યા હતા.

**આગામી દિવસોમાં યુવા મોરચો નવા નવા યુવાનોને પાર્ટીમાં જોડવાનું કામ કરશે - શ્રી ડો. પ્રશાંત કોરાટ**


પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. પ્રશાંત કોરાટે કહ્યું હતું કે પાર્ટી દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમોમાં ૨૩મી જૂન ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ નિમિતે યોજાનાર કાર્યક્રમમાં યુવા મોરચાના કાર્યકર્તા જોડાશે. ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ પર યોજાનાર યોગ શિબિરમાં વધુમાં વધુ યુવાનોને યુવા મોરચા દ્વારા યોગ શિબિરમાં જોડવામાં આવશે. સ્વચ્છતા અભિયાન હાથ ધરી 'પ્લાસ્ટિકમુક્ત ભારત' બનાવવામાં સહભાગી બને. યુવા મોરચા દ્વારા વધુમાં વધુ નવા યુવાનો પાર્ટીમાં જોડાશે.

આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ, પ્રદેશ યુવા મોરચાના કન્વીનરો/સહ કન્વીનરો, પ્રદેશ કારોબારી સભ્યો, જિલ્લાના પ્રભારી સહપ્રભારી, જિલ્લાના પ્રમુખ મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશના વિવિધ મોરચાના પ્રદેશ પ્રભારીશ્રીઓ

| ક્રમ | પ્રદેશ મોરચાનું નામ | પ્રભારીશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | યુવા મોરચો | શ્રી પંકજભાઈ ચૌધરી (પ્રદેશ મંત્રીશ્રી) |
| ૨ | મહિલા મોરચો | શ્રી ગોરધનભાઈ ઝડફિયા (પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી) |
| ૩ | અનુસૂચિત જાતિ મોરચો (એસ.સી. મોરચો) | શ્રી ઝવેરીભાઈ ઠકરાર (પ્રદેશ મંત્રીશ્રી) |
| ૪. | અનુસૂચિત જનજાતિ મોરચો (એસ.ટી. મોરચો) | શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા) (પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી) |
| ૫. | કિસાન મોરચો | શ્રી જયંતિભાઈ કવાડીયા (પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી) |
| ૬. | બક્ષીપંચ મોરચો (ઓ.બી.સી. મોરચો) | શ્રી મહેન્દ્રભાઈ પટેલ (પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી) |
| ૭. | લઘુમતી મોરચો | શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી) |

• હેમત ગોહિલ (જામનગર)



## ૨૫મી જૂન 'કટોકટી'નો કાળો દિવસ

# કોંગ્રેસે સત્તા માટે કટોકટી લાદી હતી લોકશાહીની ક્રૂર હત્યા કરી હતી

૨૫મી જૂન, ૧૯૭૫ના રોજ શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા, કોઈપણ જાતના કારણ વગર, માત્ર પોતાની સત્તા બચાવવા દેશમાં કટોકટી લાદી દેવાઈ. ભારતમાં લોકશાહીનાં ચિરંતન મૂલ્યો સામે ગંભીર પડકાર ઊભો થતાં દેશ હચમચી ગયો.

અગાઉના બ્રિટિશકાળની બાહ્ય ગુલામી કરતાં આ આંતરિક ગુલામી વધુ ગૂંગળાવનારી હતી. ૨૬મી જૂન, ૧૯૭૫ના દિવસે કટોકટીએ દેશને સ્તબ્ધ બનાવી દીધો હતો. લોકાના મૂળભૂત અધિકારો મિટાવી દેવાયા, અખબારોને ગળાંચીપ દેવાઈ, અદાલતોને નિર્વીર્ય બનાવી દેવાઈ, સંસદને પાંગળી બનાવી દેવાઈ, રા.સ્વ.સંઘ ઉપર પ્રતિબંધ લાદી દેવાયો, વિપક્ષી અને વિરોધી રાજકીય નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા અને ૬૦ કરોડ લોકોના આઝાદ રાષ્ટ્રને રાતોરાત ગુલામીના અંધકાર યુગમાં ધકેલી દેવાનું 'મહાપાપ' આ કોંગ્રેસે કર્યું હતું.

### સત્તા માટે કોંગ્રેસનો કલંકિત ઇતિહાસ

દુનિયાની શ્રેષ્ઠ અને મોટી લોકશાહી ભારતમાં પ્રવર્તે છે. લોકોએ સ્વતંત્રતા પછી અનેકવાર લોકશાહી ઢબે ચૂંટણીઓ દ્વારા સત્તાપરિવર્તનો કર્યાં છે. પરંતુ ઈન્દિરા ગાંધીએ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા અને સત્તા માટે લોકશાહીને ગળે ટૂંપો દઈ દીધો. ઈશાક બર્લિન નામના વિચારકે સ્વતંત્રતાને બે વિભાગમાં વહેંચી તેની વ્યાખ્યા કરેલ છે. હકારાત્મક સ્વતંત્રતા વિષે તેઓ માનતા કે, માનવીને એકલો છોડી દેવો જોઈએ. તે વિચારે તેમ તેને જીવવા દેવો જોઈએ, જ્યાં સુધી તે બીજાને હાનિ ન પહોંચાડે. હકારાત્મક સ્વતંત્રતા વિષે તેઓ માનતા કે, આમાં માનવી વધુ પડતો મહત્ત્વાકાંક્ષી બની જાય છે અને તેથી જ તે બીજાના સ્વતંત્ર્ય કે હક પર તરાપ મારી શકે છે. આ જ પ્રકારની સ્વતંત્રતાના ઓઠા હેઠળ ફ્રાંસના રાજનેતા રોબ્સાડિયરે ફ્રાંસમાં અને જર્મનીના નાઝીઓએ જર્મનીમાં સ્વતંત્રતાના નામે ભયંકર કત્લ ચલાવી હતી. ઈન્દિરા ગાંધીએ પણ આ જ પ્રકારના વિચાર હેઠળ, કટોકટીના કાળા કાયદા હેઠળ લોકશાહીનો મૃત્યુઘંટ વગાડી, સત્તા ચલાવી કાળો કેર વર્તાવેલ.

ભારતમાં લોકશાહીના ઈતિહાસમાં એવાં અનેક સોનેરી પૃષ્ઠો આલેખાયાં છે કે જેમાં મૂલ્યનિષ્ઠ રાજનેતાઓએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, લોકશાહીના ચિરંતન મૂલ્યો જાળવવા સત્તાનો ત્યાગ કરી દીધેલ હોય. જનતા મોરચાના વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈને જયારે એમ લાગ્યું કે મેં બહુમતી ગુમાવી દીધી છે, એ જ ક્ષણે તેમણે રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું ધરી દીધું નહિ તો મોરારજીભાઈ પણ કોંગ્રેસની જેમ થોડાક સંસદસભ્યો ખરીદી શક્યા હોત ! ભાજપના મૂલ્યનિષ્ઠ રાજનેતા માન. શ્રી અટલબિહારી વાજપેયી પણ બહુમતી પુરવાર ન કરી શકતાં ક્ષણનો પણ વિલંબ કર્યા વગર રાજીનામાનો પત્ર રાષ્ટ્રપતિને હસતાં હસતાં સોંપી આવ્યા હતા.

પરંતુ લોકશાહીનાં આવાં ચિરંતન મૂલ્યો જાળવવામાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે. સત્તા મેળવવા અને જાળવી રાખવા માટે કોંગ્રેસનો ઈતિહાસ હંમેશાં કલંકિત રહ્યો છે. કોંગ્રેસના વડાપ્રધાન નરસિંહરાવે પોતાની બહુમતી ટકાવી રાખવા સુટકેસો ભરીને નાણાં-વ્યવહારો કરેલા એ જગજાહેર વાત છે. કેન્દ્રમાં કોંગ્રેસ શાસન દરમ્યાન વધુમાં વધુ રાજ્ય સરકારને બિનલોકશાહી ઢબે દૂર કરવાનું કામ કોંગ્રેસે કર્યું છે. કટોકટી દરમ્યાન ગુજરાતમાં પણ બાબુભાઈ પટેલના મુખ્યમંત્રી પદ હેઠળની જનતા મોરચાની સરકારને હટાવવાનું કામ ઈન્દિરા ગાંધીએ કર્યું હતું.



### કોંગ્રેસનો સંઘ અને જનસંઘના કાર્યકર્તાઓ સાથે અમાનવીય વ્યવહાર

કટોકટી કાળમાં કોંગ્રેસે નૈતિકતાના અને માનવીય વ્યવહારનાં તમામ ધોરણોને નેવે મૂકી દીધાં હતાં. કટોકટી દરમ્યાન કોંગ્રેસી સરમુખત્યાર શાસકોએ સંઘ-જનસંઘના કાર્યકર્તાઓ સાથે જે અમાનવીય વ્યવહાર અને ઘાતકી જુલ્મો આચર્યા હતા તે જોઈને આઝાદી જંગના શહીદોની યાદ તાજી થઈ જાય છે.

દેશની દરેક જેલ કાર્યકર્તાઓથી ભરાઈ ગઈ હતી. જેલમાં તંદુરસ્તી બગડે તેવો ખોરાક, ભયંકર ગંદકી, ઠંડીમાં રક્ષણ આપે તેવા ધાબળા નહિ, માંકડ - મચ્છર અને અન્ય જીવજંતુ ઉપરાંત અપમાનો, અભદ્ર વ્યવહાર, જેલમાં 'મીસા' ના સત્યાગ્રહીઓ ઉપર ઘાતકી લાઠીચાર્જ અને હુમલાઓએ અનેક કાર્યકર્તાઓને અપંગ બનાવ્યા. કેટલાકે આ હુમલાઓમાં પોતાના પ્રાણની આહુતિ પણ આપી. રા. સ્વ. સંઘના અખિલ ભારતીય વ્યવસ્થા પ્રમુખ પાંડુરંગ ક્ષીરસાગર એમાંના એક હતા. કેટલાક સંઘ પ્રચારકો ભરજવાનીમાં આ સંઘર્ષની બલિવેદી પર ચડી ગયા.

પોલીસના ઘાતકી અત્યાચારો સહન કરીને પણ સ્વયંસેવકો જે બહાદુરીથી સત્યાગ્રહ ચલાવતા હતા તે જોઈને માર્ક્સવાદી પક્ષના સાંસદ કે. ગોપાલન પણ કાંપી ઊઠ્યા હતા. તેમણે વ્યથિત હૃદયે કહ્યું હતું કે, 'આવાં વીરોચિત કાર્યોની પ્રેરણા અને બલિદાનનું અદમ્ય સાહસ પ્રદાન કરનારો કોઈ મહાન આદર્શ અવશ્ય હોવો જોઈએ.'

### સેન્સરશિપના પંજાએ અખબારોના સ્વાતંત્ર્યનું ગળું ઘોંટ્યું હતું

જનસામાન્ય સુધી સંઘર્ષનો સંદેશ પહોંચાડવો એ એક પડકાર હતો. કારણ કે, અખબારો પર કડક સેન્સરશિપ લાગુ હતી. આ પડકારને પહોંચી વળવા 'ભૂગર્ભ પ્રકાશન'નું હથિયાર કામ આવ્યું. અનેક સ્વયંસેવકોના ઘેર ગુપ્ત મુદ્રણાલયો ચાલ્યાં. દેશમાં બધી જગ્યાએ બધી જ ભાષામાં જુદા જુદા નામે સાપ્તાહિક, સમાચાર પત્રો નિયમિતપણે પ્રકાશિત થતાં રહ્યાં. સ્વયંસેવકો ગુપ્તપણે, વેશપરિવર્તન કરીને પણ પત્રિકાઓનું વિતરણ કરતા રહ્યા. માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કટોકટીનું વરવું સ્વરૂપ ખુલ્લું કરવા, અમેરિકાના પ્રખ્યાત અખબાર 'ન્યૂઝ વીક'ના પત્રકારો જે. કે. એન્ડરસન અને જર્યોજ વેસ્લે જેવા વિદેશી પત્રકારોને નવી દિલ્હીથી સમાચાર પૂરા પાડવામાં આવતા.

દેશના વિભિન્ન વિસ્તારોમાં ચાલતા સંઘર્ષની પ્રેરણાદાથી ઘટનાઓ, સંઘર્ષમાં સામેલ થયેલા મહારથીઓની વાતો, દરિયાપારથી ઊઠતા પડઘા, તીખાં વ્યંગચિત્રો, સૂત્રો વગેરે બધું આ ભૂગર્ભ પત્રિકાઓમાં છપાતું જે લોકો માટે અખબારોનું કામ કરતું. ઘણીવાર તો ધાર્મિક પુસ્તિકાઓના નામે આવી ગુપ્ત પત્રિકાઓ છપાતી. વિદ્યાર્થીઓ, શ્રમિકો, મહિલાઓ, કિસાનો, પત્રકાર, અધ્યાપકો, વકીલો, ઉદ્યોગપતિઓને અપીલ કરતી પત્રિકાઓનું જે તે વર્ગમાં વિતરણ કરાતું. ભૂગર્ભ પ્રકાશન કટોકટી સંઘર્ષયાત્રામાં ખૂબ મદદરૂપ થયું.

### સંસદને પાંગળી બનાવી ન્યાયાલયોની સત્તા ધ્વંસ કરી હતી


કટોકટી દરમ્યાન કોંગ્રેસના સરમુખત્યારશાહી ભોગવતાં ઈન્દિરા ગાંધીએ સંસદના પવિત્ર મંદિરમાં જે પાપ આચર્યું તે અક્ષમ્ય છે. વર્ષ ૧૯૭૫માં સંસદમાં પ્રથમ મોનસૂન સત્રમાં સરકારે ૩૯મું સંવિધાન સંશોધન વિધેયક પસાર કરાવી લીધું. આ વિધેયક દ્વારા મીસાને વધુ ભયાનક બનાવવામાં આવ્યો.

૭મી ઓગસ્ટે સરકારે ૪૦મું સંવિધાન સંશોધન વિધેયક મૂકયું. આ એટલું વિચિત્ર વિધેયક હતું કે, કોંગ્રેસની સત્તાલાલસા કેટલી હદે પ્રબળ હતી તે દર્શાવે છે. આ વિધેયક દ્વારા ન્યાયાલયની સત્તા તદ્દન પાંગળી બનાવી દેવામાં આવી.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ અને ચૂંટાયેલા સાંસદોની ચૂંટણીને પડકારતી અરજી પર ન્યાયાલય સુનાવણી ન કરી શકે તેવો ઉદ્દેશ હતો. આ ચૂંટણીને પડકાર માત્ર સંસદ દ્વારા નિમાયેલ વિશેષ મંચ જ કરી શકે.

ભારતના ઈતિહાસમાં સૌથી ઝડપથી પસાર થનાર આ સંશોધન વિધેયક હતું.

૭, ઓગસ્ટ, ૧૯૭૫ - વિધેયક સંસદમાં રજૂ થયું તે જ દિવસે માત્ર બે કલાકની ચર્ચા બાદ સંસદમાં પસાર થયું. બીજે દિવસે ૮ ઓગસ્ટે રાજયસભામાં રજૂ. તુરત જ રાજયસભામાં વિધેયક પસાર. ૯ ઓગસ્ટ રાજ્ય વિધાનસભાઓ દ્વારા એક જ દિવસમાં પસાર. ૧૦ ઓગસ્ટ રાષ્ટ્રપતિની મંજૂરી.



## કટોકટીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું વિરાટ સ્વરૂપ

કટોકટી દરમ્યાન વધુમાં વધુ જો કોઈને સહન કરવાનું આવ્યું હોય તો તે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આવ્યું. કટોકટીકાળ દરમ્યાન સંઘની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. કુલ ૧,૩૦,૦૦૦ સત્યાગ્રહીઓ પૈકી ૧,૦૦,૦૦૦ કરતાં વધુ રા.સ્વ.સંઘના હતા. 'મીસા' નીચે ગિરફતાર થયેલા ૩૦,૦૦૦ અટકાયતીઓમાંથી ૨૫,૦૦૦ સંઘના હતા. સંઘના કાર્યકરોએ અને તેમના કુટુંબીજનોએ દાખવેલું ધૈર્ય અને સાહસ એ કટોકટીના કાળની સૌથી અદ્ભુત બાબત છે. જેલમાં અને બહાર બંને જગ્યાએ આ જ અનુભવ હતા. જેલમાં એકદમ યુવાન સ્વયંસેવક હતા તો તદ્દન વૃદ્ધ પણ હતા. ઘરે બાળકો ભૂખ્યાં હશે, પત્ની સંસાર કેવી રીતે ચલાવતાં હશે, વૃદ્ધ માતા-પિતાનું ધ્યાન કોણ રાખતું હશે તેની મનમાં ચિંતા કરનારા હતા. લોકશાહીની પુનઃસ્થાપના માટે ચાલેલ આંદોલનમાં સંઘના સ્વયંસેવકોનો ફાળો અમૂલ્ય છે.

આ સમગ્ર વિપ્લવી સંઘર્ષ પાછળ લાખો સ્વયંસેવકો, તેમના પરિવારો અને સહાનુભૂતિ ધરાવતા વર્ગે સહન કરેલી અમર્યાદ શાંત યાતનાઓ અને ત્યાગની પ્રબળ ભાવના હતાં. સેંકડો લોકોએ ઉત્તમ આવક આપતી મોભાદાર નોકરીઓ ગુમાવી, અનેકોનાં વેપાર-ધંધા ભાંગી પડ્યા. હજારો વિદ્યાર્થીઓએ અભ્યાસનો ભોગ આપ્યો. કાર્યકર્તાઓના આ અદ્ભુત આંદોલનને જોઈ બ્રિટનના પ્રસિદ્ધ અખબાર 'લંડન ઈકોનોમિસ્ટે' એના ૪થી ડિસેમ્બર, ૧૯૭૬ના અંકમાં લખ્યું હતું કે, 'જગતના એક માત્ર બિન-ડાબેરી ક્રાંતિકારી આંદોલનમાં આર.એસ.એસ.ના લાખો કાર્યકર્તાઓ પ્રભાવી બન્યા છે, હજી નવા નવા યુવકો એમાં જોડાઈ રહ્યા છે અને હાલ એની એક માત્ર નેમ છે 'ભારતમાં લોકતંત્રની પુનઃસ્થાપના.'

કોંગ્રેસે સત્તા ટકાવવા આટલી ઉતાવળે આ વિધેયક પસાર કર્યું કારણ કે ૧૧ ઓગસ્ટ ૧૯૭૫ના દિવસે ઈન્દિરા ગાંધીની ચૂંટણી અરજી પર સુનાવણી હતી.

આ વિધેયકના કારણે ૭ નવેમ્બરે સર્વોચ્ચ ન્યાયાલયે ઈન્દિરા ગાંધીની ચૂંટણી કાયદેસરની જાહેર કરી અને સંવૈધાનિક સંશોધનને પણ પૂર્વ-પ્રભાવથી જાહેર કર્યો.

### ચૂંટાયેલી રાજ્ય સરકારોને કલમ ૩૫૬ દ્વારા વધુમાં વધુ કોંગ્રેસ શાસને બરખાસ્ત કરી છે


ભારત એક સંઘરાજ્ય છે એટલે કે જુદાં જુદાં રાજયોનો બનેલો એક સંઘ. બંધારણના ઘડવૈયાઓએ આપણા દેશ માટે સમવાયી અથવા સંઘીય શાસન વ્યવસ્થાની જોગવાઈ કરેલી છે. પરંતુ, જયારે જયારે કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન આવ્યું છે તેમણે કદી રાજય સાથે સુમેળભર્યા સંબંધો જાળવ્યા નથી. કલમ ૩૫૬નો વધુમાં વધુ દુરુપયોગ કોંગ્રેસ સરકારે કર્યો છે. પ્રજા દ્વારા ચૂંટાયેલી રાજ્ય સરકારોને બરખાસ્ત કરવાનું મહાપાપ કોંગ્રેસ સરકારે આચર્યું છે.

કટોકટી દરમ્યાન ગુજરાતમાં બાબુભાઈ જસભાઈ પટેલના મુખ્યમંત્રી પદ હેઠળની બિનકોંગ્રેસી સરકાર કાર્યરત હતી. ભાજપના પુરોગામી જનસંઘનો તેમને ટેકો હતો. ૨૫ જૂન, ૧૯૭૫ કટોકટી લાદ્યા બાદ દેશભરમાં મૂલ્યનિષ્ઠ રાજનેતાઓને, વિપક્ષીય નેતોઓને જેલભેગા કરી દીધા. સરકાર વિરુદ્ધ બોલનારને મીસાના કાળા કાયદા હેઠળ કાળકોટડીમાં પૂરી દીધા. પોલીસ અને શાસને દેશભરમાં હાહાકાર મચાવી દીધો. જાણે દેશ અંધકાર યુગમાં ચાલ્યો ગયો ! આવા સમયે ગુજરાતમાં બિનકોંગ્રેસી સરકાર હોવાથી કટોકટી સામેના આંદોલનનું મુખ્ય કેન્દ્ર બની ગયું. ગુજરાતમાંથી કટોકટી સાથેના સંઘર્ષ કરનારાઓને મોકળું મેદાન મળી ગયું. આ વાત ઈન્દિરા ગાંધીને આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. અંતે લોકો દ્વારા ચૂંટાયેલી બાબુભાઈ જશભાઈ પટેલની સરકારને કલમ ૩૫૬ મુજબ સુપરસીડ કરી નાંખી. કોઈપણ જાતના કારણ વગર બિનલોકશાહી ઢબે, લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને ઘેર બેસાડી દીધી. બાબુભાઈ પટેલે તા. ૦૯-૦૬-૧૯૭૫થી તા. ૧૨-૦૩-૧૯૭૬ સુધી માંડ શાસન કર્યું.

તા. ૧૨-૦૩-૧૯૭૬થી તા.૨૪-૧૨-૧૯૭૬ સુધી કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું. આમ છતાં ગુજરાતમાંથી કટોકટી સામે ભૂગર્ભપ્રવૃત્તિ પૂરજોશમાં ચાલતી રહી.



## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ ગુજરાત પ્રાંત સંઘચાલક શ્રી અમૃતભાઈ કડીવાળાના થયેલા દુઃખદ અવસાન પ્રત્યે ઘેરા શોકની લાગણી



### શ્રી અમૃતભાઈ કડીવાળાએ પોતાનું સમગ્ર જીવન 'મા ભારતી' અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓના અવસાનથી આપણે પ્રખર રાષ્ટ્રભક્ત ગુમાવ્યા છે - કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ ગુજરાત પ્રાંત સંઘચાલક શ્રી અમૃતભાઈ કડીવાળાના થયેલા દુઃખદ અવસાન પ્રત્યે ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી.


શ્રી અમિતભાઈ શાહે આઘાતની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે શ્રી કડીવાળા એ પોતાનું સમગ્ર જીવન 'મા ભારતી' અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓના અવસાનથી આપણે પ્રખર રાષ્ટ્રભક્ત ગુમાવ્યા છે. શ્રી કડીવાળાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા અનેક બાલ સ્વયંસેવકો આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જુદા જુદા અનેક દાયિત્વનું વહન કરી રહ્યા છે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે શ્રી અમૃતભાઈ કડીવાળાએ ગુજરાત પ્રાંતના સંઘચાલક ઉપરાંત કર્ણાવતી મહાનગર કાર્યવાહ અને અન્ય અનેક સંસ્થાઓમાં જુદા જુદા દાયિત્વનું વહન કરવા ઉપરાંત અનેક સંસ્થાઓના નિર્માણમાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ સોઈલ ટેસ્ટીંગ માટે ગુજરાતમાં પ્રથમ એન્જિનિયર હતા. તેઓ દરેક પેઢીના સ્વયંસેવકો સાથે સરળતાથી સમન્વય સાધી શકતા હતા.

શ્રી અમિતભાઈ શાહે અંતમાં દુઃખની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે શ્રી કડીવાળા સાદું જીવન-ઉચ્ચ વિચારના પર્યાય હતા. તેઓ હંમેશા કહેતા કે વ્યક્તિનું નહીં પરંતુ સંસ્થાનું મહત્ત્વ વધુ હોય છે. તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી જાહેર જીવનમાં અને રાષ્ટ્રની સેવામાં સક્રિય રહ્યા, પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અને પરિજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

•

# આઝાદીનાં ૭૫ વર્ષ - 'અમૃત-મહોત્સવ'



## બિરસા મુંડા

**જન્મ : ૧૫-૧૧-૧૮૭૫ • અવસાન : ૦૯-૦૬-૧૯૦૦**

ઉલગુલાન (ક્રાંતિકારી ચળવળ)ના પ્રણેતા બિરસા મુંડા ઝારખંડના વનવાસી વિસ્તારનો વતની હતો. ગુરુવારે જન્મ થયો હોવાથી બિરસા નામ પાડવામાં આવેલું. મુંડા કુટુંબ ખ્રિસ્તી બની ગયું હોવાથી પ્રાથમિક શિક્ષણ બિરસાને મિશનરીની શાળામાં લેવાનું થયેલું. વધુ ન ભણતાં બિરસા જમીનદાર જગમોહનને ત્યાં મજૂરી કામે લાગી ગયો. જમીનદાર ચુસ્ત વૈષ્ણવ હતા. તેમના સાંનિધ્યમાં બિરસામાં હિન્દુત્વનો સંચાર થયો. પોતાના પૂર્વજોને ભોળવીને મિશનરીએ ખ્રિસ્તી બનાવ્યા છે એ જાણીને એના મનમાં અંગ્રેજો અને મિશનરી પ્રત્યે ઘૃણા પેદા થઈ. મિશનરીનો પોશાક ફગાવી તેણે ધોતિયું, જનોઈ ધારણ કર્યાં. તિલક પણ કરવા માંડ્યું. જોતજોતામાં તે વનવાસી વિસ્તારમાં દેવની જેમ પૂજાવા માંડ્યો. જે લોકો તેના અનુયાયી બન્યા તેમણે મિશનરી અને અંગ્રેજ સરકારના આધિપત્યનો અસ્વીકાર કરવા માંડ્યો. જંગલના અધિકારીઓ પોતે છે એમ કહી અંગ્રેજોને જંગલ છોડી જતા રહેવા ચેતવણી આપવામાં આવી. ભલા, ભોળા, સીધા, સાદા વનવાસીઓમાં આ હિંમત ક્યાંથી આવી ગઈ ? નક્કી આ બિરસાનું જ કારસ્તાન. તેને જો ઊગતો જ ડામી નહિ દેવામાં આવે તો ૧૮૫૭ની માફક ફરી વિદ્રોહ ફાટી નીકળશે. એવું વિચારી અંગ્રેજ સરકારે વનગામ ખાતેથી બિરસાની ધરપકડ કરી લીધી. તેની વિરુદ્ધમાં બિરસાઈતોએ પોલીસથાણાની આસપાસ ધમાલ કરી. સરકારે બિરસાને બે વર્ષની કારાવાસની તથા તેના અનુયાયીઓને ૨૦ રૂપિયા દંડની સજા કરી. બે વર્ષ જેલમાં વિતાવી બિરસા ૧૮૯૭માં છૂટ્યો. આ ખુશીમાં તેના અનુયાયીઓએ મોટો ઉત્સવ મનાવ્યો. ઠેર ઠેર સભાઓ ભરી. ઉલગુલાન વધારે આક્રમક બનાવવાનું નક્કી થયું. એક રાતે રાંચીથી ચાઈબાસા સુધીના ૪૦૦ વર્ગમીટરના વિશાળ ક્ષેત્રમાં પોલીસચોકી, મિશનરી તથા ગોરા અમલદારોની કલબો પર અંધારામાં તીરનો વરસાદ વરસાવવામાં આવ્યો. અઠવાડિયા પછી ખૂટીના થાણા પર હુમલો કરવામાં આવ્યો, જેમાં એક મુંડા શહીદ થયો. ત્યાર પછી ડોમબારીના પહાડ ઉપર બિરસાઈતો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું જ્યાં ૪૦૦ મુંડાઓ મરાયા. આ સંગ્રામ પછી સરકારે બિરસાની ધરપકડ માટે ૫૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. એક પણ વનવાસી વિશ્વાસઘાત કરવા તૈયાર ન થયો. દુર્ભાગ્યે એક રાતે બિરસા જંગલમાં સૂતેલી હાલતમાં પોલીસને હાથે પકડાઈ ગયો. તેને રાંચીની જેલમાં પૂરવામાં આવ્યો, જ્યાં તેનું રહસ્યમય મૃત્યુ થયું. સરકારે મૃત્યુનું કારણ કૉલેરા બતાવ્યું. તેના અનુયાયીઓ વિષ અપાયાની શંકા સેવતા રહ્યા, કારણ કે બિરસાનો મૃતદેહ અનુયાયીઓને ન આપતાં જેલના અધિકારીઓએ જ નદીકિનારે તેના અંતિમસંસ્કાર કરી નાખ્યા. આ વનવાસી યુવક શહીદ થયો ત્યારે તેની ઉંમર પૂરી પચ્ચીસ વર્ષ પણ નહોતી.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને એરપોર્ટ પર આવકારતા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ

## સરખેજ-ગાંધીનગર હાઈવે પર બનેલા વૈષ્ણોદેવી ફ્લાય ઓવરબ્રિજ અને ખોડિયાર કન્ટેનર યાર્ડ ફ્લાય ઓવરબ્રિજના લોકાર્પણની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.